Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૭ મું. સંવત ૨૦૦૫.

આત્મ સં. ૫૪

અંક ૨ જો. તા. ૧-૧૦-૪૯ ભાદ્રપદ.



વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મહાવીરે પ્રભુ સ્તવન ... ... ... | ( મુનિરાજશ્રી જંબૂવિજયજી મ. ) | ૨૭ |
| ૨ | ઇલોરાની જૈન ગુફાઓ ... ... ... | ( ,, ) | ૨૮ |
| ૩ | સુરમણિ, નુર્માણ, ચિંતામણિ, પારસમણિ ઇત્યાદિ | ( હીરાલાલ રસીકદાસ કાપડીયા ) | ૩૯ |
| ૪ | શ્રી વીર જિન ગીત ... ... ... ... | ( શ્રી હિંમતલાલ ગુલાબચંદ ) | ૪૧ |
| ૫ | સ્થિતિપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણી ( વૈરાગ્ય ) ... ... ... | ( જિજ્ઞાસુ ) | ૪૨ |
| ૬ | તત્ત્વાવબોધ ... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસુરિજી મ. ) | ૪૩ |
| ૭ | અમારા સાહિત્ય પ્રકાશન માટે ... ... ... ... | ( અભિપ્રાયો ) | ૪૬ |
| ૮ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( મળેલું ) | ૪૭ |
| ૯ | સુધારો ... ... ... ... ... ... ... | ( સભા ) | ૪૮ |
| ૧૦ | શ્રી તીર્થંકર પદ મહિમા ... ... ... ... | ( અચ્છાબાબા ) | ૪૮ |


## આ માસમાં થયેલા માનવંતા પેટ્રન સાહેબ તથા લાઇફ મેમ્બરો.

૧ શેઠ માણેકચંદ પોપટલાલ — પેટ્રન
૨ શાહ મગનલાલ મુળજી માલશી — લાઇફ મેમ્બર
૩ સુખલાલ ત્રીકમલાલ વીરમગામી — ,,
૪ ગાંધી રમણીકલાલ કનૈયાલાલ — ,,
૫ શેઠ અંબાલાલ અમૃતલાલ — ,,
૬ પૂજ બચુભાઇ મણીલાલ — ,,
૭ શેઠ રમણલાલ જીવણલાલ — ,,
૮ શ્રી ચમાડીયા બુદ્ધિપ્રકાશ જૈન લાઇબ્રેરી — ,,
૯–૧૦ કસ્તુરચંદ શંકરલાલ ભુરાભાઇ — લાઇફ મેમ્બર ( બે નામ માટે )
૧૧ શાહ મનસુખલાલ હરિચંદ — ,,
૧૨ શાહ ભોગીલાલ વેલચંદ — ,,
૧૩ શાહ જયંતિલાલ માનચંદ — બીજા વર્ગમાંથી
૧૪ શાહ શાંતિલાલ જેઠાલાલ — ,,
૧૫ શ્રી ડભોઇ જૈન શ્વે જ્ઞાનમંદિર — ,,

## આવકારદાયક સમાચાર

આ સભા તરફથી ગતિમાન થયેલ ( અનેકાન્તવાદ વિષય લખવા માટેની ) ઇનામી નિબંધની યોજના અને એ રીતે દર વર્ષે જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશનના શરૂ કરેલ કાર્યો માટે જૈન મુનિ મહારાજાઓ જૈન અને જૈનેતર વિદ્વાનો તરફથી આવકારદાયક–પ્રશંસાના તેમજ સહકારના પત્રો મળ્યે જાય છે. આ જૈન ધર્મનો મહાન અખંડ–સિદ્ધાંત ( અનેકાન્તવાદ ધર્મ ) ઉપર નિબંધ લખવા તેમજ તે સંબંધી સલાહ, સુચના વગેરે આપવા વિદ્વાનો–વિચારકો, અભ્યાસીઓ વગેરે મહાશયોને વિનંતિ કરીયે છીયે.

**જૈન સસ્તુ સાહિત્ય પ્રકાશન કમિટી**
( શ્રી જૈન આત્માનંદ સભા. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

A73

નવા માનવંતા પેટ્રન સાહેબ,



શેઠશ્રી માણેકચંદ પોપટલાલ થાનગઢ. ( ઝાલાવાડ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠ માણેકચંદ પોપટલાલનો જીવન પરિચય.

શ્રીયુત્ માણેકચંદભાઈનો થાનગઢ ( ઝાલાવાડ ) માં સંવત ૧૯૫૧ ના અષાડ માસમાં શેઠ પોપટલાલ ટોકરશીને ત્યાં માતુશ્રી જલુ બ્હેનની કુક્ષિમાં જન્મ થયો હતો. ધાર્મિક સંસ્કાર જન્મથી શેઠ માણેકચંદભાઇને પ્રાપ્ત થયા હતાં, તેમ પુણ્યોદયે તેમનાં ધર્મ પત્ની શ્રી કેશર બ્હેન અને પાંચ સુપુત્રો ભાઈ રવિચંદ, ધીરજલાલ, ફત્તેહચંદ, જયકર અને અનંતરાય એ સર્વને પણ ધાર્મિક સંસ્કાર પ્રથમથી જ મળ્યા હતા. શ્રી માણેકચંદભાઈએ લઘુવયમાં સામાન્ય કેલવણી લઇ પછી થાનગઢમાં પિતાના નામથી ચાલતી પેઢીનો વહીવટ હાથમાં લેતાં તેમના ખંત અને કર્ત્તવ્યશિલતાથી તે પેઢીની પ્રતિષ્ઠા વધતી ચાલી; સિવાય એફ. એમ. શાહ એન્ડ કુા. ૧ થાનગઢ, ૨ અંજાર, ૩ માંડવી અને એમ. પી. શાહ એન્ડ સન્સની ૪ ભાવનગરની પેઢીઓના સ્થાપક પણ તેઓશ્રી હોવાથી સર્વ પેઢીઓ વ્યવસ્થિત ચાલવા લાગી. તેમજ સ્વદેશી ઉદ્યોગો, પોટરી વર્ક્સ, મીલ સ્ટોર્સ, બોબીન્સ, લાઇન સ્ટોર્સ, મીનરલ્સ, કમીશન એજંટ અને શરાફી વગેરે પ્રકારના ઉદ્યોગોમાં નિષ્ણાતપણાએ કરી અમુક અંશે દેશોન્નતિમાં પણ તેઓશ્રીએ સારો ફાળો આપ્યો. અને પૂર્વ પુણ્યોગે લક્ષ્મી સારી સંપાદન થતાં મનુષ્ય જન્મનું સાર્થક કરવા નીચે પ્રમાણે લક્ષ્મીનો સદ્ ઉપયોગ કર્યો અને તે પ્રવૃત્તિ ચાલુ રાખી.

૨૦૦૦) થાનગઢમાં સં. ૧૯૯૬ ની સાલમાં ગરીબ લોકો માટે રસોડું ખોલતાં તેમાં પોતે આપેલી સેવા સાથે.

૭૦૦૦) પોતાના સમાગમમાં આવેલ ઉદ્યોગપતિ પરશુરામભાઇને અર્પણ થયેલી થેલીની રકમમાં તેઓશ્રીએ ઉમેરો કરી ઉદ્યોગિક કેળવણીમાં ફાળો આપ્યો

આ સિવાય જુદા જુદા શહેરો ગામોમાં ભોજનશાળા, પાંજરાપોળ, શ્રાવિકાશ્રમ, બાલાશ્રમ, બોર્ડિંગો, દેરાસરોનાં જિર્ણોદ્ધાર, ધાર્મિકકેળવણી, અનાથાશ્રમ, વિશ્રાંતિગૃહ, આયંબીલ ખાતું, દવાખાના વગેરે અનેક ધાર્મિક અને કેટલીક સાર્વજનિક સંસ્થામાં સુમારે બાવીશ હજાર રૂપીયાનો સદ્વ્યય કર્યો. દેવભક્તિ ઉપર પ્રેમ હોવાથી ગૃહચૈત્ય તૈયાર કરી પ્રતિષ્ઠા પણ કરી, આખા કુટુંબ નિરંતર પરમાત્માની ભક્તિનો લાભ લેવા લાગ્યું. સામાયિક વગેરે નિરંતરના આવશ્યક ક્રિયા અને તીર્થયાત્રાનો લાભ પણ દર વર્ષે લે છે.

સ્વભાવે માયાળુ, મિલનસાર અને સાહસિક છે. શ્રી માણેકચંદભાઈનાં પરિચયમાં આવનારને તેમની લઘુતા, નમ્રતા અને સાદાઇ માટે માન ઉત્પન્ન થાય તેવું છે. સભાની કાર્યવાહી માટે માન ઉત્પન્ન થતાં તેઓશ્રીએ પેટ્રનપદ સ્વીકારવાથી સભા તેઓશ્રીનો આભાર માને છે. અને તેઓશ્રી દીર્ઘાયુ થઇ શારીરિક, આર્થિક આધ્યાત્મિક સંપત્તિ પ્રાપ્ત કરે એવી પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશકઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર ...

વીર સં. ૨૪૭૫. **ભાદ્રપદ** પુસ્તક ૪૭ મું.

વિક્રમ સં. ૨૦૦૫. :: તા. ૧ લી ઓકટોબર ૧૯૪૯ :: અંક ૨ જો.


## શ્રી મહાવીરપ્રભુ સ્તવન.

( રાગ-રઘુપતિ રાઘવ......... )

જિનશાસનના જ્યોતિર્ધાર, શાસનનાયક **વીરકુમાર;**
વીરકુમાર વીરકુમાર, ભાવે ભજ તું વીરકુમાર. જિન૦ ૧

ક્ષત્રિયકુંડ નગર મોઝાર, સિદ્ધારથ કુલ લે અવતાર;
ચૈત્ર સુદિ તેરશદિન સાર, જન્મ્યા પ્રભુજી જય જયકાર. જિન૦ ૨

જિનશાસનમાં ઊગ્યો ભાણુ, ઝળહળતો તેજસ્વી અપાર;
કુમતતિમિરનો કરી સંહાર, કીધો ધર્મ અહિંસા પ્રચાર. જિન૦ ૩

માર્ગ ભૂલ્યો હું આ સંસાર, નિશદિન ભ્રમણુ કરું ગતિ ચાર;
ઉતારો ભવસાગર પાર, **ત્રિશલાનંદન** કરો ઉદ્ધાર. જિન૦ ૪

**वन्दे वीरं** કરું ઉચ્ચાર, તું સ્વામી મુજ તું આધાર;
જંબૂવિનતિ કરો સ્વીકાર, કર દો પ્રભુજી બેડા પાર. જિન૦ ૫

**—મુનિરાજ શ્રી ભુવનવિજયાન્તેવાસી**
**મુનિ જંબૂવિજય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ जयन्ति श्रीपार्श्वजिनेन्द्राः ॥

# ઈલોરાની જૈન ગુફાઓ

**શ્રી સુપાર્શ્વનાથ** ભગવાનવિભૂષિત **તલેગાંવઢમઢેરા**માં[1] અમારું ગયા વર્ષે (સં. ૨૦૦૪માં) ચાતુર્માસ હતું. ત્યાંથી વિહાર કરી શ્રી **અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનની** યાત્રા કરવાની અમારી ઉત્કટ અને અનન્ય ભાવના હતી. શ્રી **અંતરિક્ષ પાર્શ્વનાથ** ભગવાન જ્યાં બિરાજે છે તે **સિરપુર** ગામ( વરાડ ) **તલેગામ**થી **ઘોડનદી, અહમદનગર, ઔરંગાબાદ, જીલ્લના,** તથા **લોણાર** ઉપર થઈને જતા સીધે રસ્તે લગભગ ૨૫૦ માઈલના અંતરે આવેલું છે. અમે પણ આ જ રસ્તે આ વર્ષે વસંતપંચમી બાદ પ્રયાણ કર્યું હતું. આ લેખ–માલામાં અમારા પ્રવાસમાં આવેલા મુખ્ય મુખ્ય સ્થલોના સ્થૂલ અને આનુષંગિક વર્ણન સાથે–પરિચય સાથે **ઇલોરાની** આપણી **જૈન ગુફાઓ, દેવગિરિ,** તથા **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ**તીર્થ સંબંધી કંઇક વિસ્તૃત પરિચય આપવાની ઈચ્છા છે. એટલે તેના **ઇલોરાની જૈન ગુફાઓ, દેવગિરિ** તેમજ **શ્રી અંતરિક્ષપાર્શ્વનાથ-તીર્થ** એમ ત્રણ વિભાગો પાડ્યા છે.

**તલેગાંવથી** નીકળી અમે અનુક્રમે ત્યાંથી ૨૨ માઇલ દૂર **ઘોડનદી** આવ્યા. અહીં શ્રી **પાર્શ્વનાથ**જિનેશ્વરમંડિત એક મોટું દેરાસર છે. એક ઉપાશ્રય છે તથા મૂર્તિપૂજક શ્રાવકોનાં પંદર–વીશ ઘર છે. સ્થાનકવાસી જૈનોની મોટી વસ્તી છે. તેમનું એક નાનું કેન્દ્ર છે એમ કહીએ તો પણ ચાલે. જો કે પહેલાં તો આ બધા મૂર્તિપૂજકો જ હતા. મંદિર વગેરેમાં પણ તેમના બાપાદાદાઓ આવતાં જતાં હતાં; પરંતુ આપણા સાધુઓના ગમનાગમનના અભાવે તેમજ સ્થાનકવાસી સાધુઓના સતત ગમનાગમનથી ક્રમશઃ પલટાઇને સ્થાનકવાસી બની ગયા છે, છતાં સુખદ વાત એટલી છે કે એટલી બધી તેમનામાં કટુતરતા નથી, તેથી જો આપણા મુનિરાજોનો આ પ્રદેશમાં અધિકાધિક વિહાર થાય તો ઘણો સુધારો થવા સંભવ છે.

**ઘોડનદી**થી નીકળી ત્યાંથી ૧૬ માઇલ દૂર **સુપા** ગામે આવ્યા. અહીં એક સુંદર

---

૧ **તલેગાંવઢમઢેરા** પુનાથી પૂર્વદિશામાં ૨૨ માઇલને અંતરે મોટર સડક ઉપર આવેલું છે. અહીં પંદર–વીશ શ્રાવકોનાં ઘરો છે. સુંદર જિનમંદિર તથા ઉપાશ્રય આદિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઘુમંદિરમાં શ્રી **ચંદ્રપ્રભુ**સ્વામીની નાની મૂર્તિ વિરાજે છે. શ્રાવકોનાં દશ-બાર ઘર છે, પણ વ્યવસ્થા જોઇએ તેવી નથી.

**સુપા**થી ૧૭ માઈલ દૂર **અહમદનગર** આવ્યા. અહીં બે અતિ સુંદર અને ભવ્ય જિનાલય છે. શ્રી **સંભવ**નાથ ભગવાન અને શ્રી **આદિનાથ** ભગવાન તેમાં મૂલનાયકજી છે. **શ્રી સંભવ**નાથ ભગવાનના જિનાલયમાં મેડા ઉપર શ્યામવર્ણ સુંદર **શ્રી પાર્શ્વનાથ ભગવાન**ની લગભગ ૧૦ ઇંચ ઊંચી નાનકડી પ્રતિમા છે. આ નીચે **"સંવત ૨, ના વૈશાખ સુદ ૭ ગુરુવારે શ્રીજિનહર્ષસૂરિએ પ્રતિષ્ઠા"** કર્યાનો લેખ કોતરેલો છે જે ધ્યાન ખેંચી લે છે. અહીં મૂર્તિપૂજક શ્રાવકોની લગભગ ૭૫ ઘરની વસ્તી છે. તથા ઉપાશ્રય આદિ છે. સ્થાનકવાસીઓની અહીં ૫૦૦ થી ૬૦૦ ઘરની વસ્તી છે. આ પ્રદેશખાતે અહીં તેમનું મોટું કેન્દ્ર છે.

અહીંથી નીકળી લગભગ ૨૫ માઇલ દૂર **સોનઇ** ગામે આવ્યા હતા. અહીં એક જિનમંદિર છે, મૂર્તિપૂજક શ્રાવકોની વીશેક ઘરની વસ્તી છે. અહીં અમે એક વિશિષ્ટ કૌતુક સાંભળ્યું અને જોયું કે જે નીચે પ્રમાણે છે.

આ ગામની પાસે એક **સિંગણાપુર** કરીને ગામ છે. ગામ નાનકડું જ છે. પચાશેક ઘરની જ કૃષિપ્રધાન લોકોની વસ્તી છે. આ ગામમાં એક પણ ઘર એવું નથી કે જેને કમાડ હોય. કમાડ માટેની બારસાખ સુદ્ધાં પણ લોકો લગાવતા નથી. માત્ર જવા આવવા માટે ખુલ્લું દ્વાર જ હોય છે. એમ કહે છે કે આ ગામમાં ચોરી થતી જ નથી. જો કોઇ ચોરી કરે તો અંધ જ બની જાય છે. ગામમાં કોઇ પેટી, પટારા કે ટ્રંક તો નથી જ વસાવતું પણ તાળા-કુંચીને પણ જાણતા નથી. એમ માનવામાં આવે છે કે આ ગામમાં એક **શનૈશ્ચરની** મૂર્તિ છે તેનો આ બધો પ્રભાવ છે. આસપાસના ગામોમાં વસતા પોતાને કટ્ટર માનતા **સ્થાનકવાસી**ઓ આ શનૈશ્ચરની મૂર્તિને તેના પ્રભાવથી અંજાઇને ભજે છે અને પૂજે છે; છતાં અનુપમ શાશ્વત મોક્ષસુખદાયક, રત્નચિંતામણિ અને કલ્પવૃક્ષથી પણ અધિક એવી શ્રી વીતરાગ પરમાત્માની મૂર્તિને ભજતાં અને પૂજતાં ધ્રૂજે છે, આ દુઃખદ બીના છે.

**સોનઇ**થી નીકળી પચીશેક માઇલ દૂર **પ્રવરાસંગમ** ગામે આવ્યા. **નાશિક** પાસે **ત્ર્યંબક**ના ડુંગરામાંથી નીકળીને અહીં આવેલી **ગોદાવરી** નદીનો અહીંઆ **પ્રવરા** નામની એક નદી સાથે સંગમ થાય છે, એટલે આ ગામનું નામ **પ્રવરાસંગમ** છે. અહીંથી વહેતી વહેતી **ગોદાવરી** પચીશેક માઇલ દૂર આવેલા આજકાલ [1] **પૈઠણ**ના નામે ઓળખાતા **પ્રતિષ્ઠાનપુર**ના કિનારે પહોંચે છે. આ **પ્રતિષ્ઠાનપુર**ની વાતો આપણા શાસ્ત્રોમાં અને સાહિત્યમાં અનેક સ્થળોએ આવે છે.[2] **શાલિભદ્ર**ના બનેવી **ધન્યકુમાર** પ્રતિષ્ઠાન-

૧. **પ્રતિષ્ઠાનનું** પઇટ્ઠાણ પ્રાકૃત રૂપ છે. અને તેનો અપભ્રંશ થઇને પૈઠણ થયું છે.

૨. શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન અહીંથી જ એક રાત્રિમાં ૬૦ યોજનનું અંતર કાપીને અશ્વને પ્રતિબોધ કરવા માટે **ભૃગુકચ્છ-ભરુચ** પધાર્યા હતા.

આ પ્રતિષ્ઠાનપુરમાં સં. ૧૩૮૭ આસપાસ આચાર્યશ્રી જિનપ્રભસૂરિજી સંઘ લઇને યાત્રાએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરના જ વતની હતા. **કાલિકાચાર્યે** ચોથની સંવત્સરી પણ અહીં જ પ્રવર્તાવી હતી. **આંઝરીઆ મુનિ** પણ અહીંના જ વતની હતા. **ગોદાવરી** અહીંથી આગળ ચાલી બંગાળના ઉપસાગરમાં મળે છે. પ્રતિષ્ઠાનપુર ગોદાવરીના ઉત્તર કિનારે આવેલું છે.

ગોદાવરી ઓળંગ્યા પછી તરત જ **નિઝામ**ની હદ શરૂ થાય છે. નિજામ–ઉલ્મુલ્ક ૧ લો મૂળ મોગલોનો એક લશ્કરી સરદાર હોવાથી બધો નિઝામી પ્રદેશ લોકવ્યવહારમાં મોગલાઈના નામથી જ ઓળખાય છે.

પ્રવરાસંગમથી નીકળી ગોદાવરી ઓળંગ્યા પછી ૨૮ માઇલની એક સીધી સડક **ઔરંગાબાદ** જાય છે. ઇલોરાની ગુફાઓ ઔરંગાબાદથી ઉત્તર દિશામાં છે. જ્યારે અમારો પ્રવાસ પૂર્વદિશામાં **શ્રી અંતરિક્ષજી** તીર્થ તરફ થઇ રહ્યો હતો. એટલે ઇલોરાની ગુફાઓ તેમજ **દેવ**ગિરિ બંને રહી જતાં હતાં. આથી અમે **ઔર**ંગાબાદની સીધી સડક છોડીને વાંકા અને લાંબા માર્ગે પણ ઇલોરા તરફ ચાલ્યા; અને **ગંગાપુર** તથા **સીલેગાંવ** થઇને **૩૨** માઇલ દૂર **કસાબખેડા** નામના ગામે પહોંચ્યા. અહીં મૂળ મારવાડના વતની દિગંબર શ્રાવકોનાં સાત આઠ ઘર છે. દિ૦ જિનમંદિર છે. આ મંદિરમાં મેડા ઉપર વિરાજમાન **શ્રી મહાવીરસ્વામી** ભગવાનની કાથિયા રંગની બેઠી મૂર્તિ ખાસ દર્શનીય છે.

**કસાબખેડાથી** ચાર માઇલ દૂર ગયા પછી **ઇલોરાની** ગુફાઓ આવે છે. જે ગામની પાસે આ ગુફાઓ છે તે ગામનું નામ એલ્લોરા અથવા ઇલોરા છે. વર્તમાનકાળે સ્થાનિક મરાઠી ભાષામાં તેનું **वेरुळ** નામ રૂઢ છે. તેથી મરાઠી ભાષામાં **वेरुळचीं लेणीं** ( **लेणीं**= ગુફાઓ ) એવો વાગ્વ્યવહાર છે. પરંતુ જુનું નામ તો ઇલોરા અથવા એલોર જ છે.

**ઇલોરા** ગામ પૂર્વખાનદેશ જીલ્લાના **ચાલીસગાંવ** નામના ગામથી **ઔર**ંગાબાદ જતી મોટર સડક ઉપર **ચાલીસગાંવ**થી દક્ષિણે ચાલીશ માઇલના અંતરે આવેલું છે. **નાશિક** જીલ્લાના **માલેગાંવ**થી નીકળી **યેવલા** ઉપર થઇને આવતી એક મોટર સડક પણ વચમાં મળી જાય છે. મનમાડથી હૈદ્રાબાદ જતી રેલ્વેનું પણ **पल्लार रोड**[1] નામનું સ્ટેશન છે. ઇલોરા ગામમાં નિઝામ સરકાર તરફથી ગુફાઓ જોવા આવતા મુસાફરો માટે એક ગેસ્ટ હાઉસ પણ બંધાવવામાં આવેલું છે. ગામથી એક માઇલ દૂર ગયા પછી ગુફાઓ આવે છે. રસ્તામાં હિંદુઓના મહાતીર્થરૂપે ગણાતાં ભારતવર્ષનાં બાર જ્યોતિર્લિંગો પૈકી

---

આવ્યા હતા, અને ત્યાં તે વખતે શ્રી મુનિસુવ્રત ભગવાનની જીવંતસ્વામીની લેપ્યમય પ્રતિમા હતી એમ તેમના **કન્યાનયનીય મહાવીરપ્રતિમાકલ્પ** ( પૃ૦ ૪૬ ) તથા **પ્રતિષ્ઠાનપત્તનકલ્પમાં** ( પૃ૦ ૪૭) ઉલ્લેખ છે. જુઓ **વિવિધતીર્થ**કલ્પ ( સિંઘી જૈન ગ્રંથમાલા ).

અત્યારે તો ત્યાં આપણી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની વસ્તી નથી. દિગંબરોની વસ્તી છે એમ સાંભળ્યું છે. જીવંતસ્વામી શ્રી મુનિસુવ્રતપ્રભુની પ્રતિમા અત્યારે ત્યાં દિગંબરોના યા અન્ય કોઇના તાબામાં વિદ્યમાન છે કે કેમ તે તપાસવા લાયક છે.


૧ **पल्लार रोड** સ્ટેશનથી ઇલોરા ગામ ૬ માઇલ દૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇલોરાની જૈન ગુફાઓનું રેખાચિત્ર

( પૃષ્ઠ ૩૧ )




પ્રકાશક : : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘૃષ્ણેશ્વર મહાદેવનું લિંગ પણ વચમાં આવે છે. ઔરંગાબાદ જતી સડક પણ બરાબર ગુફાઓ પાસેથી જ પસાર થાય છે.

૨૦ અક્ષાંશ અને ૭૪ રેખાંશ ઉપર આવેલી ઇલોરાની ગુફાઓ એ જગતની આશ્ચર્યભૂત ગણાતી વસ્તુઓ પૈકીનું એક આશ્ચર્ય ગણાય છે. પ્રતિદિન દેશ અને પરદેશમાંથી અનેક મુસાફરો આને જોવા આવે છે. સહ્યાદ્રિ પર્વતની એક શાખારૂપ ટેકરીઓની માળામાં આ ગુફાઓ મહાવ્યયે અને મહાપરિશ્રમથી આશ્ચર્યજનક કારીગરીથી કોતરવામાં આવેલી છે. આ ગુફાઓ એક નાના ખંડ જેવી કે અંધારી કોટડી જેવી નથી. તેમાં કેટલીક બે બે અને ત્રણ ત્રણ માળની પણ છે. કેટલીક તો હજારો માણસો બેસી શકે એટલી મોટી છે અને બધામાં પ્રકાશ ભરપૂર છે.

એકંદરે પાંત્રીશ ગુફાઓ છે. બધી જ એક લાઇનમાં પરસ્પર થોડા વધતા અંતરે આવેલી છે. કેટલીક પરસ્પર અડીઅડીને જ છે. જૈન, બૌદ્ધ અને વૈદિક–એમ ત્રણેય સંસ્કૃતિનો અહીં ત્રિવેણી–સંગમ થયેલો છે. ૧ થી ૧૨ સુધીની ગુફાઓમાં બૌદ્ધોનાં સ્તૂપ, વિહાર તથા ચૈત્યો આવેલાં છે. ૧૩ થી ૨૯ સુધીની ગુફાઓમાં હિંદુઓના દેવ–દેવીઓની મૂર્તિઓ છે. બાકીની ૬ ગુફાઓ જિનમંદિર છે. મોટા ભાગની ગુફાઓ આઠમાથી નવમા સૈકા સુધીમાં રાજાશ્રયથી–રાજપ્રેરણાથી બંધાઇ હોવાનું ઐતિહાસિકો અનુમાન કરે છે. બધી ગુફાઓ એક સરખી મોટી કે સુંદર છે એવું નથી. ખાસ કરીને હિંદુગુફાઓમાં એવી કેટલીયે નાનકડી ગુફાઓ છે જે ખાસ આકર્ષણ કરતી નથી અને મુસાફરો પણ ભાગ્યે જ એ બધી જોવા જાય છે. દક્ષિણ છેડે આવેલી નંબર ૧ની ગુફાથી ૩૪મા નંબરની ઉત્તર છેડે આવેલી જૈન ગુફા પહોંચતાં લગભગ સવા માઇલનું અંતર કાપવું પડે છે. ઇલોરાથી ઔરંગાબાદ તરફ જતી મોટર સડકથી ગુફાઓ પચાશેક વાર દૂર રહે છે. ત્યાંથી જમણા હાથ ઔરંગાબાદની દિશામાં વળે છે. બરાબર તે જ જગ્યાએથી સીધી સડક કૈલાસ નામની સોળમા નંબરની ગુફા પાસે જઇને ઊભી રહે છે. તમામ ગુફાઓમાં સૌથી મોટી કૈલાસ ગુફા છે. આ કૈલાસ ગુફાથી એક સડકનો ફાંટો જમણા હાથ તરફ ૧ લા નંબરની ગુફાઓ સુધી જાય છે અને બીજો ફાંટો ૩૪મા નંબરની ગુફાઓ સુધી જાય છે. આ બંને સડકના ફાંટા ઉપર બધી મુખ્ય મુખ્ય ગુફાઓ આવી જાય છે. નાની નાની ગુફાઓ માટે સડક છોડીને પગરસ્તાથી જવું પડે છે. બધી ગુફાઓની બહાર ખડીથી તે તે ગુફાઓનો નંબર લખેલો છે. અને તેનો અનુક્રમ દક્ષિણ છેડે આવેલી બૌદ્ધગુફાથી કરવામાં આવેલો છે. મૂલ તો ગુફાઓ ઘણી સુંદર હતી, પરંતુ પાછળથી માનવા પ્રમાણે મુસ્લિમ રાજાઓએ એટલી બધી ભાંગફોડ કરી છે કે ભાગ્યેજ કોઈ સારી આકૃતિ અખંડિત રહેવા પામી છે. કોઇના નાક તોડી નાખ્યા છે, કોઇની આંખ ફોડી નાખી છે, કોઈના હાથ તોડી નાખ્યા છે, કોઇના પગ તોડી નાખ્યા છે. આથી જોઇએ તેવો આનંદ ઉત્પન્ન નથી થતો.

કેટલાક એવા માણસો ત્યાં બેસી જ રહે છે કે જે અમુક દ્રવ્ય આપવામાં આવે તો મુસાફરોને ગુફાઓ બતાવવાનો જ ધંધો કરીને ગુજરાન ચલાવે છે. સામાન્ય રીતે ૧૦ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ નંબરની બૌદ્ધગુફાઓ, ૧૬ મા નંબરની કૈલાસ ગુફા, અને ૩૨, ૩૩, નંબરની જૈન-ગુફાઓ કે જે **ઇંદ્રસભા**ના નામની ઓળખાય છે તે ખાસ વિશિષ્ટતયા જોવાલાયક ગણાય છે. આ ગુફાની રચના બીજી ગુફાઓમાં નથી. ૧૦ મા નંબરની **સુતાર ઝુંપડી** અથવા **વિશ્વકર્મા**ના નામે ઓળખાતી ગુફામાં ચૈત્ય છે અને તેમાં બુદ્ધની મૂર્તિ છે. ચૈત્ય આદિની રચના આકર્ષક છે. ૧૨ મા નંબરની ગુફામાં માળ ઉપર બુદ્ધની પદ્માસનસ્થ મૂર્તિઓ છે. ૧૬ મા નંબરની કૈલાસ ગુફામાં પ્રવેશ કરતાં જ મહાલક્ષ્મીની કમળ ઉપર બેઠેલી અને હાથીથી અભિષેક કરાતી મોટી મૂર્તિ છે. ડુંગરમાં મોટો ચોક કોતરી કાઢવામાં આવેલો છે. ચોક વચ્ચે મહાદેવનું બે માળનું મંદિર કોરી કાઢેલું છે. નીચે શિવની મૂર્તિ છે. ઉપર શિવલિંગ છે. ચોકની ત્રણ બાજુ ગેલેરી જેવો ભાગ કોતરી કાઢેલો છે અને તેમાં જુદી જુદી અવસ્થાની બ્રહ્માદિ દેવોની મૂર્તિઓ કોતરેલી છે. આ ગુફા ૧૫૪ ફુટ લાંબી અને ૨૭૬ ફુટ પહોળી છે. અને તે રાષ્ટ્રકૂટ વંશના ૧ લા **કૃષ્ણરાજા**એ [1]વિક્રમ સંવત ૮૧૦ આસપાસ કોતરાવી હોવાની સંભાવના કરવામાં આવે છે. આખી જ ગુફા એક ખડકમાંથી કોતરીને બનાવવામાં આવી છે.

અહીંથી નીકળ્યા પછી ડાબે હાથ ચાલતાં ૨૯ મા નંબરની **ડુમરલેન** અથવા **સીતા-ફીન્હાની**ના નામથી ઓળખાતી ગુફા સુધી બધી જ વૈદિક સંસ્કૃતિની ગુફાઓ છે. અહીં હિંદુ ગુફાઓ પૂરી થાય છે.

અહીંથી આગળ ચાલ્યા પછી કેટલેક દૂર ગયા બાદ જૈન ગુફાઓ આવે છે. તેમાં ૩૧ થી ૩૪ નંબરની પાસે પાસે જ છે. જ્યારે ત્રીશમા નંબરની ગુફા અલગ પડી ગયેલી છે. ત્યાં જવા માટે સડક નથી. સડક પાસેથી એક પગ-રસ્તો નીકળે છે, અને ટેકરી ઉપર કેટલેક દૂર ઊંચે ચઢ્યા પછી એ ગુફા આવે છે. દેશી અથવા પરદેશી મુસાફરો આને ભાગ્યે જ જોવા જાય છે. પ્રમાણમાં પણ નાની જ ગુફા છે. અમે પણ આ ગુફા જોવા ગયા નથી. રસ્તો કાંટા કાંકરા અને ઝાંખરાવાળો હતો. અમારાં પગનાં તળિયાં પણ છોલાઇ ગયેલાં હતાં.

---

૧. વડોદરામાં મળી આવેલા અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના બુદ્ધિપ્રકાશ માસિકના ઇસ્વીસન ૧૮૮૪ ના અંકમાં પૃ. ૨૧૩ માં છપાયેલા એક તામ્રપટ્ટલિખિત દાનપત્ર ઉપર લખેલું છે કે—

"એલાપુરના પર્વત ઉપર કૃષ્ણરાજાએ એક આશ્ચર્યજનક દેવાલય બંધાવ્યું. વાયુરૂપ વાહન-(વિમાન?)માં ફરતાં દેવોએ તે જોયું ત્યારે તે ચકિત થઈ ગયા. અને તે સંબંધી વિચાર મનમાં કરવા લાગ્યા કે આ શિવાલય સ્વયંભૂ હોવું જોઇએ. કારણ કે કલાથી બાંધેલા મકાનમાં આવું સૌંદર્ય હોઇ શકે નહીં.....................................આ દેવાલયમાં શિવની સ્થાપના કરી હતી."

ભાંડારકર આદિ સંશોધકોનું માનવું છે કે આ શિવાલય તે કૈલાસ ગુફા અને એલપુર તે એલુર. એલુરના પછી એલોર, ઇલોર, અને વેરુલ વિગેરે અપભ્રંશ થયા છે. જુઓ ભાંડારકરે લખેલ **दक्खनचा प्राचीन इतिहास· पृ. १३२.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૧ થી ૩૪ મા નંબરની ગુફાઓ સુધી પહોંચીને સડક પૂરી થાય છે. ૩૧ મી ગુફા **છોટા કૈલાસ**ના નામથી ઓળખાય છે. અને તે કૈલાસની ઢબથી જ બનાવેલી છે. ૮૦ ફુટ પહોળી અને ૧૩૦ ફીટ લાંબી છે. ચારે બાજુ ચોક છે અને વચમાં **ચોમુખજી**ની ઊંચી દહેરી છે. દેરીની બંને બાજુએ બે મોટા હાથી ઊભા કરેલા છે. જો કે તેના કેટલાક અવયવો તૂટી પડેલા છે યા તોડી નાખેલા છે. ચોકની ત્રણ બાજુએ ખંડો બનાવેલા છે અને તે દરેકમાં ગભારાની અંદર મૂલનાયકજી અને બહાર દ્વારના પડખે **શ્રી પાર્શ્વનાથ** ભગવાનની ફણાધારી ઊભી પ્રતિમા તેમજ બીજા પડખે બાહુબલિજીની પગમાં વેલડીઓથી વીંટાયેલી ઊભી પ્રતિમા છે. બંને બાજુની ભીંતોમાં પણ નાની મોટી પ્રતિમાઓ કોતરેલી છે. આ ગુફામાં શક સંવત ૧૧૬૯ માં કોતરાએલ એક શિલાલેખ છે.

૩૨ અને ૩૩ મી વિશાળ ગુફાઓ ઇંદ્રસભાના નામથી ઓળખાય છે. બંને બે માળની છે, અને એકની અંદરથી બીજીમાં જઇ શકાય છે. મુખ્યતયા બીજા માળનું નામ ઇંદ્રસભા છે. માળ ઉપર મુખ્ય દ્વાર પાસે બંને બાજુના ગોખલાઓમાં એકમાં પોપટોવાળા વૃક્ષ નીચે હાથી ઉપર આરૂઢ થયેલી **ઇંદ્ર**ની આકૃતિ કોતરેલી છે. જ્યારે બરાબર તેની સામે બીજા ગોખલામાં **વાઘ** ઉપર આરૂઢ થયેલી દેવીની મોટી આકૃતિ કોતરેલી છે. આ દેવીને સામાન્ય રીતે **ઇંદ્રાણી**ના નામથી ઓળખવામાં આવે છે, પણ વાઘનું આસન હોવાથી **અંબિકા**નો સંભવ છે. ઇંદ્ર-ઇંદ્રાણીને લીધે જ આ ગુફાઓ **ઇંદ્રસભા**ના નામથી ઓળખાય છે. નિઝામ સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલા ઇલોરાની ગુફાઓના ૨૧ કાર્ડ ચિત્રોમાં (21, Pictorial Postcards of the Ellora Caves) ૨૦ મા અને ૨૧ મા નંબરના ચિત્રોમાં ૩૨ મી નંબરની ઇંદ્રસભાના સુંદર ઇંદ્ર-ઇંદ્રાણીના ફોટાઓ આપેલા છે. આ ૨૧, ફોટાઓનું પાકીટ Archaeological Department, H. E. H. The Nizam's Government Hyderabad થી મળી શકે છે. ઇંદ્ર-ઇંદ્રાણી અને તેમના ઉપરના વૃક્ષોનાં પાંદડાનાં રંગો હજુ પણ ઝાંખા છતાં સુંદર દેખાય છે. આકૃતિ ઘણી સુંદર બનાવેલી છે.

૩૨ મી ગુફા ઇંદ્રસભાની બહુ જ સુંદર બનાવટ છે. મધ્યમાં ગભારામાં સુંદર મોટી મૂર્તિ બિરાજમાન છે. પલાંઠીની નીચે વચમાં ધર્મચક્ર કોતરેલું છે અને બંને છેડે સિંહોની રચના છે. આ ગુફાઓની બધી જ બેઠી મૂર્તિઓમાં આ જાતની રચના હોવાથી કયા ભગવાનની મૂર્તિ છે, એ કંઇ જાણી શકાયું નથી. ગભારાની બહાર પહેલાં જણાવ્યા પ્રમાણે પાર્શ્વનાથ ભગવાનની ફણાધારી ઊભી પ્રતિમા બારણાના એક પડખે છે, જ્યારે બીજા પડખે બાહુબલિજીની ઊભી મૂર્તિ છે. ભીંતોમાં પણ બંને બાજુ ભગવાનની સુંદર અને વિશાળ બબે મોટી બેઠી મૂર્તિઓ બિરાજે છે. રંગમંડપના સ્તંભો આ ગુફાનું સૌથી વધુ આકર્ષક અંગ છે. વિશાલ પરિધિના આ સ્તંભોમાં મોટા મોટા અને ફૂલહારથી સુશોભિત જે કળશો તથા બીજા આકારો કોતરવામાં આવેલા છે તે એટલા બધા સુંદર છે કે જોનારનું મન આનંદથી નાચી ઊઠે છે. અમે અહીંથી વિહાર કરીને આગળ ગયા પછી એક ભાઇ પાસેથી સાંભળ્યું કે-આમાં ગભારાની પાસેના જે બે સ્તંભો છે એની તો એવી વિશિષ્ટ રચના છે કે એના જુદા જુદા ભાગમાં હાથ ઠોકવાથી જુદા જુદા તાલ અને ધ્વનિ પ્રગટ થાય છે. કહેનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાઇ સુશિક્ષિત અને સમજુ છે, અને તે જાતે ત્યાં બે ત્રણ વાર જઇ આવેલ છે, એટલે એ ભાઇના વચનમાં વિશ્વાસ મૂકવામાં વાંધો નથી. જો કોઇ જોવા જાય તો તેમણે જાતે પણ આ હકીકતની પરીક્ષા કરી લેવી.

૩૩ મા નંબરની ઈંદ્રસભા ગુફાની રચના પણ ૩૨ મી ગુફાની ઢબની જ છે, છતાં તેમાં કેટલીક ખાસ વિશિષ્ટતા છે. ગભારાની બારશાખમાં બંને પડખે તેમજ ઉપરના ભાગોમાં અનુક્રમે ચોવીશ ભગવાનની નાની મૂર્તિઓ કોતરેલી છે. આ જાતની રચના બીજી ગુફાઓના ગભારાની બારશાખમાં નથી તેમ જ આ ગુફામાં ગભારાના દ્વારની બંને પડખે પાર્શ્વનાથ ભગવાનની જ ઊભી મૂર્તિઓ છે એમ મને યાદ છે. છેવટે બાહુબલિજીની કિંવા ગૌતમસ્વામીની તો નથી જ એટલું તો ચોક્કસ યાદ છે. ઉપર છતમાં કરવામાં આવેલા સુંદર ચિત્રકામનો થોડો અંશ એક ખૂણામાં વિદ્યમાન છે. અંશની સુંદરતાથી આખા ચિત્રકામની કેટલી બધી સુંદરતા હશે એ સહજ કલ્પી શકાય છે. મૂર્તિઓ સુંદર છે. વિશાલતા અને ભરપૂર પ્રકાશને લીધે બહુ રળિયામણું લાગે છે. ગુફા મંદિરોના દર્શનથી બહુ આનંદ થાય છે અને જીવન ધન્ય બને છે.

૩૪ મા નંબરની ગુફા એક નાનો ખંડ જ છે. તેમાં પ્રતિમાદિની સ્થાપના પહેલાં પ્રમાણે જ છે. અહીં સુધીની ૩૪ ગુફાઓ જ સામાન્ય રીતે પ્રસિદ્ધ છે, પરંતુ અહીંથી લગભગ અર્ધો માઇલ આગળ ગયા પછી એક સ્થળ જ્યાં પાર્શ્વનાથ ભગવાનની સિંહાસનના પાયાથી સર્પની ફણાઓ સુધી ૧૬ ફુટ ઊંચી અને ઘુંટણથી બીજા ઘુંટણ સુધી નવ ફુટ પહોળી પ્રતિમા છે. સિંહાસન ઉપર ऊ श्री[ व ? ]ર્ધનપુરના વતની ગાલુગી નામના શ્રાવકના પુત્ર ચક્રેશ્વરે શક સંવત ૧૧૫૬( વિક્રમ સં. ૧૨૯૧ )માં પ્રતિમા કરાવ્યાનો લેખ છે. આ સ્થળે અમે જાતે જોવા ગયા ન હતા. ને અમને આની ખબર જ નહોતી. પાછળથી ત્યાંથી નીકળ્યા પછી જ અમને ખબર પડી પણ આનો ઉલ્લેખ Archealogical Survey of Western India. Miscellaneous Publications. Bombay. 1881. p. 98–100 માં વિસ્તારથી છે. તેમ જ ભાઈ નાથાલાલ છગનલાલ શાહે પણ તેમના[1] **જૈન સત્યપ્રકાશ** માસિકના ૧૫–૩–૧૯૪૨ ના અંકમાં "ઇલોરાની જૈન ગુફાઓ" નામના લેખમાં કરેલો છે.

---

૧ શ્રીયુત નાથાભાઈ છગનલાલ શાહે જૈનસત્યપ્રકાશ માસિકના વર્ષ ૭ માના ૧૫–૭–૧૯૪૨ ના અંકમાં **ઇલોરાની જૈન ગુફાઓ** એ શીર્ષક નીચે એક સુંદર અને વિસ્તૃત લેખ લખ્યો છે. તેમાં તેમણે જૈન ગુફાઓનાં સમયકાલ, માપ, શિલાલેખ ( જે બે ચાર મળે છે તે ), ગુફા મૂર્તિના અવયવો આદિનું વર્ણન વિસ્તારથી આપ્યું છે. એટલે એ બધું જતું કરીને મુખ્યતયા તેમાં નહીં આવેલી હકીકત જ આ લેખમાં મેં આપી છે. સમયકાલ, માપ આદિ જાણવા ઇચ્છતા વાચકોને ખાસ એ લેખ જોઇ જવા ભલામણ છે. ( પૃ. ૩૮૯ થી ૩૯૬ ).

આ નાથાલાલ શાહના લેખ તરફ તેમજ આગળ આવતા વીરવંશાવલિના તેમજ વિબુધવિમલસૂરિજીના ઉલ્લેખ તરફ ધ્યાન ખેંચવા બદલ તેમજ નાથાલાલ શાહનો લેખ મોકલી આપવા બદલ પૂજ્ય ઇતિવૃત્તજ્ઞ મુનિરાજ શ્રીમાન્ દર્શનવિજયજી ( ત્રિપુટી ) મહારાજ સાહેબનો હું પૂર્ણ આભારી છું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આટલી અત્યારે વિદ્યમાન ગુફાઓ છે કે જે શોધી કાઢવામાં આવી છે, માટીથી પુરાઈ ગયેલી કિંવા કાલક્રમાદિથી નાશ પામેલી અણશોધાયેલી ગુફાઓનો આમાં સમાવેશ થતો નથી.

પૂ૦ વાચકપ્રવર સમર્થ શ્રુતધર શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજના લગભગ સમકાલીન વિક્રમની સત્તરમી સદી આસપાસ થયેલા વ્યાકરણ–ન્યાય–સાહિત્ય–જ્યોતિષ આદિ અનેક વિષયોમાં પ્રવીણ ઉપાધ્યાયશ્રી મેઘવિજયજી મહારાજ જ્યારે તેઓ ઔરંગાબાદમાં ચોમાસું હતા ત્યારે ત્યાંથી દેવપત્તનમાં (પ્રભાસપાટણ[1]) વિરાજતા વિજયપ્રભસૂરિજી મહારાજ ઉપર મેઘદૂત સમસ્યા લેખ રૂપે એક ૧૩૦ શ્લોકનું કાવ્ય રચીને વિજ્ઞપ્તિરૂપે મોકલ્યું હતું તેમાં તેમણે ઔરંગાબાદથી દેવપત્તન સુધીનો ભૌગોલિક પરિચય આપેલો છે. તેની અંદર તેઓ લેખે છે કે—

इत्येतस्माद् नगरयुगलाद् वीक्ष्य केलिस्थलं त्व—
मीलोराद्रौ सपदि विनमन् पार्श्वमीशं त्रिलोक्याः ।
भ्रातः ! प्रातर्व्रज जनपदस्त्रीजनैः पीयमानो
मन्दायन्ते न खलु सुहृदामभ्युपेतार्थकृत्याः ॥ ४२ ॥

"ઈલોરના પહાડ ઉપર શ્રીપાર્શ્વનાથસ્વામીને નમસ્કાર કરીને તું આગળ જજે." (આ કાવ્ય જૈન આત્માનંદ સભા તરફથી નં.૨૪માં પ્રગટ થયેલા વિજ્ઞપ્તિત્રિવેણીમાં પૃ. ૨૧ માં છે.)

જૈન સાહિત્યસંશોધક–પરિશિષ્ટ ખંડ ૧, અંક ૩જામાં પ્રગટ થયેલ **વીરવંશાવલી** અથવા **તપાગચ્છવૃદ્ધપટ્ટાવલી** પૃ. ૮ માં નીચે મુજબ ઉલ્લેખ છે—

૮, " तत्पट्टे श्रीआर्यमहागिरि श्रीआर्यसुहस्तिगिरि.

પુનઃ સંપ્રતિયે ઉત્તરદિસ મરૂધરિ ઘંઘાણિ નગરી શ્રી પદ્મપ્રભસ્વામીનો પ્રાસાદ બિંબ નીપજાવ્યો, વીજાગીરી પાસનો પ્રાસાદ નીપજાવ્યો, બ્રહ્માણી નગરી શ્રી હમીરગઢીં શ્રી પાસ-પ્રાસાદ બિંબ નીપજાવ્યો, ઈલોરગિરિ સિષ(ખ)રે શ્રી નેમીબિંબ સ્થાપ્યો. તે દક્ષણ દિસેં જાણવો. ॥ "

આ જાતનો વીરવંશાવલિમાં ઉલ્લેખ છે. વીરવંશાવલીમાં ૧ લા શ્રી સુધર્માસ્વામીથી આનંદસૂરગચ્છના આચાર્ય મ. ૬૪ શ્રી વિજયઋદ્ધિસૂરિજી (સ્વર્ગવાસ ૧૮૦૬) સુધીનું વર્ણન છે. કર્તાનું નામ નથી મળતું. સં. ૧૯૬૨ના કાર્તિક વદ ૭ મે લખાયેલી એક પ્રતિ ઉપરથી છાપવામાં આવેલી છે. કર્તાનો સમય ૧૮૦૬ આસપાસ હોય એ સંભવિત છે.

૧ શ્રી નાથાલાલ છગનલાલ શાહ દેવપત્તનને દીવબંદર સમજે છે. પણ દેવપત્તન એ દીવબંદર નથી પણ પ્રભાસપાટણ છે "**સમરરાસુ**" કે જે **પ્રાચીન ગુર્જરકાવ્યસંગ્રહ**માં છપાયેલ છે તેમાં પણ ભાષા ૧૦: ૨ માં તથા ભાષા ૧૦: ૬ માં દેવપાટણ તથા દીવબંદરનો અલગ અલગ ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આમાં સંપ્રતિએ ઇલોરગિરિના શિખર ઉપર નેમિનાથ ભગવાનની મૂર્તિની સ્થાપના કર્યાનો જે ઉલ્લેખ કર્યો છે તે નેમિનાથ ભગવાનનો પ્રાસાદ કર્યો, એ ગવેષણીય છે. જો આ ઉલ્લેખ સાધાર છે તો ઇંદ્રાણીના નામે પ્રસિદ્ધ પરંતુ વ્યાઘ્રાસનને લીધે વસ્તુતઃ અંબિકાદેવીવાળી જે ગુફાઓ છે તે પૈકીની કોઇપણ એક સંપ્રતિરાજાની કરાવેલી હોવી જોઇએ; કેમકે અંબિકાદેવી નેમિનાથસ્વામીની અધિષ્ઠાયિકા છે. સંભવ છે કે એમાંથી એક ઈંદ્રસભા એમણે જ બનાવરાવેલી હોય. સંપ્રતિરાજાએ આ ગુફા કરાવી હોવાનાં જો બીજા પ્રમાણોથી સમયાદિ બાબતમાં વિરોધ ન આવતો હોય તો આમ માનવામાં હરકત નથી. અન્યથા બીજી કોઇ ગુફા શોધવી જ રહી.

**વિબુધવિમલસૂરિ** કે જેઓ ચૈત્યવંદનો-સ્તવનો-દેવવંદનો આદિ અનેક નાની મોટી રચનાઓના કર્તા શ્રી જ્ઞાનવિમલસૂરિની ચોથી પાટે[1] થયા છે તેમણે પણ આ ગુફા મંદિરોનાં દર્શન કર્યાનો ઉલ્લેખ **વિબુધવિમલસૂરિરાસ**માં આવે છે.

આ રાસની રચના સં. ૧૮૨૦માં **મ**હિમાવિમલસૂરિ **બુ**રહાનપુરમાં આવ્યા હતા ત્યારે **વાન** નામના એક શ્રાવકે કે જે વિબુધવિમલસૂરિનો ભક્ત હતો તેણે કરેલી છે. તેમાં જણાવ્યું છે કે-વિબુધવિમલસૂરિ બુરહાનપુરમાં ચોમાસું કરીને ત્યાંથી[2] **સાદરે** આવ્યા અને

૧. શ્રીજ્ઞાનવિમલસૂરિની ચોથી પાટે વિબુધવિમલસૂરિ થયાની હકીકત આચાર્યપદ પરંપરાએ સમજવી. દીક્ષાગુરુ તો તેમના કીર્તિવિમલજી પંન્યાસ હતા કે જેઓ ઋદ્ધિવિમલગણિના શિષ્ય હતા. આ હકીકત તેમણે પોતે રચેલા સંસ્કૃતગ્રંથ સમ્યકત્વપરીક્ષાના સ્વોપજ્ઞ ગુજરાતી બાલાવબોધની પ્રશસ્તિમાં તેમણે પોતે જ આપી છે. તેમાંથી તેમના જ શબ્દોમાં અહીં ઉપયુક્ત ભાગ ઉદ્ધૃત કરવામાં આવે છે—

" એકસઠિમેં પાટે શ્રી વિજયપ્રભસૂરિ થયા. બાસઠિમેં પાટઇ શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વર થયા...તેહ શ્રીજ્ઞાનવિમલસૂરીશ્વરનઈં પાટે ત્રેસઠિમેં પાટે શ્રી સૌભાગ્યસાગરસૂરિ થયા......ચૌસઠિમેં પાટે શ્રી સુમતિસાગરસૂરિ થયા. તેહ મહાતપસ્વી શ્રીવર્ધમાનતપસ્યાના કરનાર્યા. એક ઘીની વિગઇ વિના પંચવિગઇના પચ્ચક્ખાણ કરનાર્યા.

પૂર્વે જે કહી તેહ......આચાર્યપદની પરંપરા જાણવી. જે ગ્રંથકર્તા વિબુધવિમલસૂરિ તેહના આચાર્યપદના દાતા શ્રીસુમતિસાગરસૂરીશ્વર થયા. દીક્ષાગુરુ તો પંડિત શ્રી કીર્તિવિમલગુરુ પંન્યાસપદધારી. તેહના ગુરૂશ્રી ઋદ્ધિવિમલગણી મહાપુરુષ મહાતપસ્વી સંવેગી થયા. તે સંવત ૧૭૧૦ વર્ષે ગુજરાતમધ્યે ધાણુધારમધ્યે શ્રીપાલનપુરને પાસેં ગોલાગ્રામ મધ્યે શ્રીમહાવીરસ્વામીની સાંનિધ્યૈ ક્રિયાઉદ્ધાર કર્યો. તેહ કાલેં શ્રીયશોવિજય ઉપાધ્યાય કાશીમાંહિ ન્યાયશાસ્ત્ર ભણીને ઇહાં પધાર્યા છે તેહ સંવેગપક્ષી બહુશ્રુતવિચરતા હતા. તેહની સાહાય્યઇં શ્રીઋદ્ધિવિમલગણિ ક્રિયા પાલતા હતા. તેહના શિષ્ય કીર્તિવિમલગણિ થયા. " ( જૈન ઐતિ૦ ગુર્જર કાવ્યસં૦ રાસસાર. પૃ. ૧૨-૧૩ ) શ્રીવિબુધવિમલસૂરિજીએ આ બાલાવબોધની રચના સંવત્ ૧૮૧૩માં **ઔરંગાબાદ**-( નિજામસ્ટેટ )માં કરેલી છે.

૨ મૂલ વિબુધવિમલસૂરિરાસમાં—

" ઇમ વિચરતા બુરહાનપુરે આવ્યા રે, શ્રાવક શ્રાવિકા મન ભાવ્યા રે. " ( પૃ. ૨૯ )

આ કડી પછી બીજી પાંચ કડીઓમાં તેમનાં દેશના ચારિત્ર પાલન આદિનું વર્ણન છે. ત્યારબાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં **મૂલચંદ** નામના ઓસવાલજ્ઞાતિના શ્રાવકને દીક્ષા આપી અને તેનું ભાણુવિમલ એવું નામ રાખ્યું. ત્યાં ચાર ચોમાસા કરીને ત્યાંથી **ગાંદલી** આવ્યા. ત્યાં એક વર્ષ રહ્યા. ત્યાંથી બાલાપુર[૨] આવ્યા. બાલાપુરથી અંતરીક્ષપાર્શ્વનાથની યાત્રાએ પધાર્યા. યાત્રા કરી પાછા બાલાપુર આવ્યા અને ત્યાં એક ચોમાસું કર્યું કે જ્યાં હું પણ અત્યારે આ લેખ લખતી વખતે ચોમાસું રહ્યો છું. અહીંથી નીકળી મીઠીબાઇ શ્રાવિકાની ઘણી આગ્રહભરી વિજ્ઞપ્તિથી ઔરંગાબાદ પધાર્યા. ત્યાં એક ચોમાસું કરી પછી ઇલોરાની યાત્રાએ ગયા—

" વિહાર કરતાં આવીયા રે, ઈલોરા ગામ મોઝાર; મુનીસર જિનયાત્રાને કારણે હો લાલ. "
( વિબુધવિમલસૂરિ. પૃ. ૩૧ )

ઇલોરાથી પાછા **ઔરંગાબાદ** પધાર્યા. ત્યાં સંવત **૧૮૧૩** ના ફાગણ સુદ ૫, મે **મહિમાવિમલસૂરિ**ને આચાર્યપદવી આપી. ત્યાંથી **જાલના** ગયા અને **જાલનાથી** પાછા **ઔરંગાબાદ** આવ્યા. અને ત્યાં જ સંવત **૧૮૧૪** ના માગસર વદ ત્રીજે તેમનો સ્વર્ગવાસ થયો.

---

તરત દુહા શરૂ થાય છે તેમાં—

" **સાદરે** સાધુ આવીયા વિબુધવિમલસૂરી રાય;
હેમચંદ્ર મુનિ દેખીને તે પણ હરખીત થાય. ૧ "

આ પ્રમાણે ૧ લો દુહો છે. આમાં **સાદરે** શબ્દ **સાદરે** નામના કોઈ ગામનો વાચક છે કે " આદર સહિત " એટલો સામાન્ય જ અર્થ થાય છે? જો **સાદરે** ગામ હોય ( અને સંપાદકે ગામ તરીકે જ ગણના કરી છે ) તો બુરહાનપુરની પાસેના પ્રદેશના નકશાઓ તપાસતાં પૂર્વખાનદેશ જીલ્લાના **એરંડોલ** તાલુકામાં એરંડોલની ઉત્તરે અને અમલનેરની પૂર્વે **સાકરે** નામનું ગામ જોવામાં આવે છે, આ કદાચ એ હોય એ સંભવ છે. કેમકે વિબુધવિમલસૂરિ અહીંથી પછી ગાંદલી ગયા છે. આ **ગાંદલી** નામનો ઉચ્ચાર નકશામાં **બાંધલી** એવો છે. ગાંદલી અને ગાંધલી મળતા જ ઉચ્ચારો છે. અને **ગાંધલી** સાકરેની પાસે પશ્ચિમ દિશામાં અને અમલનેરથી થોડે દૂર ઉત્તરે આવેલું છે. બુરહાનપુરથી ગાંધલી જતાં વચમાં જ સાકરે આવે છે. સાકરે અને સાદરે મળતા ઉચ્ચાર છે. ગાંધલી ગામ અમલનેર તાલુકામાં પૂર્વખાનદેશ જીલ્લામાં આવેલું છે.

સાવરખેડ અને સાવખેડ તથા સાવદા વિગેરે નામના કેટલાંક ગામો પણ પૂર્વખાનદેશ જીલ્લામાં છે. ગાંધલી અને સાકરેમાં અત્યારે જૈન વસ્તી છે કે કેમ, તેની ખબર નથી, પરંતુ આ બાજુના ગામોમાં પ્રસંગોવશાત્ વસ્તી ખાલી થઇ જતાં વાર લાગતી નથી.

૨ " હવે બાલાપુર આવીયા, જાત્રા કારણ એમ લલના;
અંતરીક્ષ પારસનાથ ભેટીઆ, પેખ્યાં અને છે પ્રેમ લલના. વિબુધ. ૮

જાત્રા કરીને આવીયા, બાલાપુર મુઝાર લલના;
એક ચોમાસો તીહાં રહ્યા, રીઝયાં નરનાર લલના.

વિબુધવિમલસૂરિ વંદીએ. " ૯

( જૈન ઐતિહાસિક ગુર્જર કાવ્ય સંચય, વિબુધવિમલસૂરિ રાસ. પૃ. ૩૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાસમાં જણાવેલા કાળક્રમને વિચારતાં સં. ૧૮૧૩ માં વિબુધવિમલસૂરિજીએ ગુફા-મંદિરનાં દર્શન કર્યાં હશે. એમ સહેજે જણાય છે. આ રાસ જૈન આત્માનંદ સભાથી પ્રસિદ્ધ થયેલા **જૈનઐતિહાસિક ગુર્જર કાવ્યસંચય** નામના ગ્રંથમાં પ્રગટ થયો છે.

ઇલોરાની ગુફાના સંબંધમાં આપણા ભૂતકાલીન સાહિત્યમાં જે ઉલ્લેખો તપાસ કરતાં મળી આવ્યા છે તે ઉપર જણાવ્યા છે.

અમે પણ આ ગુફામંદિરોનાં દર્શન કરી ત્યાંથી ૧૦ માઇલ દૂર આવેલા **દેવગિરિએ** આવ્યા. વચમાં ઘાટ આડો આવતો હોવાથી દેવગિરિ નજીક પહોંચ્યા પછી જ દેવગિરિ દેખાય છે. જયાંથી એ ગઢ દેખાવા લાગ્યો ત્યાંથી બરાબર જાણે દેવોને ક્રીડા કરવાનો પર્વત જ ન હોય શું ? એમ લાગતો હતો. વર્તમાનમાં આ સ્થળનું નામ દોલતાબાદ છે. આ દેવગિરિનો સંબંધ મંત્રીશ્વર પેથડ શાહના પ્રસંગમાં અગત્યનું સ્થાન ધરાવે છે. તેમજ બીજા પણ અનેક આચાર્ય આદિનો સંબંધ તેની સાથે આવે છે. દેવગિરિ સંબંધી વિસ્તૃત વર્ણન હવે પછીના લેખમાં.

સં. ૨૦૦૫,
શ્રી વીર જન્મ વાંચનદિન, પર્યુષણાપર્વ:
બાલાપુર ( વિદર્ભ )
( જી. આકોલા )

मुनिराज श्री भुवनविजयान्तेवासी
मुनि जम्बूविजय.

---

રાસકારે આપેલા કાળક્રમ પ્રમાણે સં. ૧૮૧૧માં વિબુધવિમલસૂરિ મહારાજ **બાલાપુરમાં** ચોમાસું રહ્યા હોવાનું ફલિત થાય છે. આથી બાલાપુરમાં આજથી બસો વર્ષ પૂર્વે પણ ગુજરાતી શ્રાવકો વસતા હતા એ સિદ્ધ થાય છે. આ ક્ષેત્ર પહેલેથી ધાર્મિક પ્રવૃત્તિનું કેન્દ્ર રહ્યું છે, અને અત્યારે પણ આ બાજુના પ્રદેશમાં ધાર્મિક સંસ્કૃતિ અને પ્રવૃત્તિનું મુખ્ય ધામ જ છે. **અંતરિક્ષજી** તીર્થ અહીંથી ૪૫ માઇલ દૂર થાય છે. અંતરિક્ષજી તીર્થની દેખરેખ પણ અહીંના આગેવાન ગૃહસ્થો તરફથી થાય છે. અંતરીક્ષજીની યાત્રાએ આવતા અનેક આચાર્ય આદિ મુનિરાજોના ઉપદેશાદિથી વાસિત અને સંસ્કારિત બનેલું છે. પહેલાં તો અત્યાર કરતાં પણ વસ્તી ઘણી હતી. હમણાં ૫૦ થી ૬૦ ઘરની શ્રાવકોની વસ્તી છે. **આકોલાથી** મોટર રસ્તે આ ગામ અઢાર માઇલ દૂર પશ્ચિમે આવેલું છે. અહીંના શ્રી પાર્શ્વનાથપ્રભુ વિરાજિત બે ભવ્ય જિનાલયો અતિરમણીય છે. ઉપાશ્રય, મંદિર, આદિ સ્થાનોની રમણીયતા જોઇ હૃદય આનંદથી નાચી ઉઠે છે. અંતરિક્ષજીની યાત્રાએ આવનારાઓએ ખાસ અહીં દર્શન કરવા આવવા જેવું સ્થળ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુરમણિ, દ્યુમણિ, ચિન્તામણિ, પારસમણિ[1] ઇત્યાદિ

( લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. )

જે જે વસ્તુઓનાં નામ આપણે જાણીએ છીએ તે તે વસ્તુઓ વાસ્તવિક જ છે એમ નથી. જેમકે આકાશકુસુમ. આવું કોઈ ફૂલ નથી; આ તો એક અસંભવના ઉદાહરણરૂપ છે. એવી રીતે કેટલાક મણિ વિષે પણ મનાય છે. એ મણિઓ કોઈને આજે જોવા કે ખરીદવા હોય તો તેમ બની શકે તેમ જણાતું નથી. આથી આવા મણિઓને 'કાલ્પનિક મણિ' ગણવામાં આવે છે.

અસલના જમાનાની કેટલીક બાબતો—વિમાનો, કીમિયો વગેરે એક વેળા ઉપહાસને પાત્ર ગણાતી હતી. આજે યાંત્રિક વિમાનો અને હલકી ધાતુને સુવર્ણમાં ફેરવવાની વાતને કોઈ હસી કાઢે તો તેની જ હાંસી થાય એમ વૈજ્ઞાનિક શોધો જોતાં જણાય છે. સાથે સાથે એ પણ ઉમેરીશ કે જે કોઈ પ્રાચીન ઔષધિ, મણિ કે મન્ત્રની વાત થાય તે બધાં ખરેખર એક વેળા વિદ્યમાન હતાં જ એમ આજના બુદ્ધિવાદના જમાનામાં હરકોઈ માની લે એ પણ બનવું સંભવિત નથી. તેમ છતાં બુદ્ધિની કસોટીએ આંકી જોવા માટે અને કંઈ નહિ તો કલ્પનાના શિખરની રમ્યતા અનુભવવા માટે એ વસ્તુઓ વિષેના ઉલ્લેખો—કિસ્સા કહાનીઓ નોંધવાનું—વિચારવાનું કાર્ય મારા જેવો કરવા લલચાય છે, કેમકે એ પણ સત્યની શોધ અને એની પ્રાપ્તિ માટેનું આવશ્યક અને ઉપયોગી કર્તવ્ય છે. શું શું અસત્ય છે એ જણાય તો સત્ય હાથ લાગે એમ માનવું ખોટું છે ?

**સુરતરુ**—સુરતરુથી 'કલ્પવૃક્ષ' સમજાય છે. એના દસ પ્રકારોનાં વર્ણન જૈન સાહિત્યમાં જોવાય છે. વૈદિક હિન્દુઓની માન્યતા પ્રમાણે ક્ષીરસમુદ્રનું મંથન કરતાં પાંચ દેવવૃક્ષ નીકળ્યાં હતાં. એમાંનું એક તે 'પારિજાતક' છે.

ઉપાધ્યાય **યશોવિજયે અભિનંદન જિન સ્તવન**( પૃ. ૫ )માં સુરતરુની સાથે સાથે—એની પહેલાંની પંક્તિમાં સુરમણિનો ઉલ્લેખ કર્યો છે એટલે સુરતરુ વિષે મેં અહીં આટલો નિર્દેશ કર્યો. પ્રસ્તુત પંક્તિઓ નીચે મુજબ છે:—

" **સુરમણિ** હો પ્રભુ ! સુરમણિ પામ્યો હથ્થ,
આંગણે હો પ્રભુ! આંગણે મુજ **સુરતરુ** ફળ્યોજી.

**સુરમણિ, દ્યુમણિ અને સ્વર્ગસદ્ભ-રત્નઃ**—ઉપર જે સુરમણિનો ઉલ્લેખ છે એને જ 'દ્યુમણિ' અને 'સ્વર્ગસદ્ભરત્ન' તરીકે ઓળખાવાય કે કેમ એ પ્રશ્ન ઊઠે છે. 'દ્યુમણિ' લાભદાયક છે એ હકીકત **રત્નમન્દિરગણિએ ઉપદેશતરંગિણી**ના પાંચમા તરંગ(પત્ર ૨૭૦) માં નીચે મુજબના પદ્ય દ્વારા દર્શાવી છે:—

" **द्युमणि–स्पर्शपाषाण–दक्षिणावर्तशङ्खवत् ।**
**[1]कृष्णचित्रकवल्लीवल्लाभदं जिनशासनम् ॥"**

૧ કનકમણિ, સ્વર્ગસદ્ભરત્ન અને સ્પર્શપાષાણ પણ અત્ર અભિપ્રેત છે.

૧ આ 'કૃષ્ણ ચિત્રકવલ્લી' વિષેની માહિતી મેં મારા લેખ નામે "ચિત્રાવેલી, ચિત્રવલ્લી, ચિત્ર(ક)-લતા અને કુંડલિકા" માં આપી છે. આ લેખ "જૈન સત્યપ્રકાશ "( વ. ૧૪, અં. ૬ )માં છપાયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ઉપદેશરત્નાકર**ના અપર તટ ( અં. ૪, શ્લો. ૨૭ ) માં સુરમણિનો ઉલ્લેખ છે.

રત્નમંડનગણિએ **સુકૃતસાગર** નામનું કાવ્ય રચ્યું છે. એના ત્રીજા તરંગમાંના નિમ્ન લિખિત ૧૦૪ મા પદ્યમાં 'સ્વર્ગસદ્રત્ન' ગણાવ્યું છે કે જેને એ કાવ્યના સંપાદકે 'ચિન્તામણિ' તરીકે ઓળખાવ્યું છે:—

**" दुष्प्रापा नृप ! कृष्णचित्रकलता-
स्पर्शोपल-स्वर्गसद्-
रत्न-स्वर्णनु-कुत्रिकापण-मरुत्कुम्भा
गिरां मूरुहः ।
धेनुः कामधुगम्बुकान्त-युगली मुक्ताफलाम्भ-
स्तरव्याधामध्वनि-वेधकारि रसयुग्-
दिव्यत्रिरेखादयः ॥ १०४ ॥**

**ચિન્તામણિ**—મનોવાંછિત અર્થને આપવાવાળા રત્નને 'ચિન્તામણિ' કહે છે. કેટલાક એને માટે અંગ્રેજીમાં ફિલોસોફર્સ સ્ટોન ( philosopher's stone ) એવો પ્રયોગ કરે છે. ઉપાધ્યાય **યશો**વિજયે 'પ્રભુસેવા' (પૃ. ૯૫)માં રચી છે. એની છેલ્લી પંક્તિ હું નોંધું છું:—

" કહા કરું સુરતરુ ચિંતામણિકું,
જો મેં પ્રભુસેવા પાઇ;
શ્રી જસવિજય કહે દર્શન દેખ્યો,
ઘર અંગન નવ નિધિ આઇ. "

પાઇય ( પ્રાકૃત ) સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે 'ચિન્તામણિ શબ્દ **ભદ્ર**બાહુસ્વામીએ રચેલા મનાતા **ઉવસગ્ગહરસ્તોત્ર**( ગા. ૪ )માં તેમજ **મહાનિસીહ**માં વપરાયો છે. જિનહર્ષે **રયણસેહરી-કહા** પાઈયમાં રચી છે એના પત્ર ૫ આમાં નીચે મુજબના પદ્યમાં ( ચિન્તામણિ ) રત્નનો ઉલ્લેખ છે:—

**" चिंतामणिरयणाणं तरूण कप्पदुम्मो जहा
पवरो ।
इह जिणवरस्स धम्मो पवरो धम्मेसु सव्वेसु ॥**

'ચિન્તામણિ' કહો કે 'ચિન્તારત્ન' કહો એ એક જ છે. **સો**મપ્રભસૂરિએ **સિન્દૂરપ્રકર** યાને **સોમશતકમાં** શ્લો. ૪, ૧૯, ૩૭ અને ૯૦ માં 'ચિન્તામણિ' શબ્દ વાપરેલો છે, જ્યારે શ્લો. ૫ અને ૯ માં 'ચિન્તારત્ન' શબ્દ વાપર્યો છે.

**પારસમણિ, સ્પર્શોપલ અને સ્પર્શપાષાણ**—હું આ ત્રણેને એક બીજાના પર્યાય ગણું છું. અને મારી કલ્પના એ છે કે સંસ્કૃત શબ્દ 'સ્પર્શ' ઉપરથી જે 'ફરિસ' એવો પાઇય શબ્દ બને છે તેમાંથી 'પારસ' એવું રૂપ ઉદ્‌ભવ્યું છે. 'ઉપલ' કહો કે 'પાષાણ' કહો તે એક જ છે, કેમકે બંનેનો અર્થ 'પત્થર' થાય છે. અંગ્રેજીમાં તો મણિ અને રત્નને માટે 'પત્થર' વાચક સ્ટોન ( stone ) શબ્દ વપરાય છે. આ જોતાં 'સ્પર્શપાષાણ' એ જ 'પારસમણિ' એમ માનવા હું પ્રેરાઉં છું.

જેમ ચિન્તામણિને અંગ્રેજીમાં કેટલાક philosopher's stone કહે છે તેમ સ્પર્શમણિને પણ કહે છે.

જિનમંડનગણિએ વિ. સં. ૧૪૯૨થી ૧૪૯૮ના ગાળામાં **શ્રાદ્ધગુણવિવરણ** નામનો ગ્રન્થ રચ્યો છે. એમાં આઠમા ગુણના પ્રારંભમાં પત્ર ૨૬ અ માં નીચે મુજબના પદ્યમાં 'સ્પર્શપાષાણ' શબ્દ અને એના ગુણ વિષે ઉલ્લેખ છે:–

**" पश्य सत्सङ्गमाहात्म्यं स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णीभवेत् स्वर्णयोगात् काचो मणीयते॥"**

અર્થાત્ સત્સંગનો મહિમા જુઓ. સ્પર્શપાષાણના યોગથી-સ્પર્શથી લોઢું સોનું બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને સોનાના યોગથી-સંબંધથી કાચ મણિ બને છે.

સોમસુન્દરસૂરિના શિષ્ય જિનકીર્તિસૂરિએ **દાનકલ્પદ્રુમ**( પલ્લવ ૪, શ્લો. ૧૧ )માં ‘ સ્પર્શાશ્મન્ ’ અર્થાત્ સ્પર્શપાષાણનો ઉલ્લેખ કર્યો છે, પ્રસ્તુત પંક્તિઓ નીચે મુજબ છે:—

**“ येषां स्पर्शवशात् तात ! शातकुम्भीभवेदयः ।**
**तेषां स्पर्शाश्मनां खानेर्मृदेषा पार्श्ववर्तिनी ॥ ”**[1]

**કનકમણિ**—ન્યાયાચાર્ય યશોવિજયગણિ-કૃત **ઋષભજિન સ્તવન**ની નિમ્નલિખિત પંક્તિમાં કનકમણિનો ઉલ્લેખ છે:—

“ કવણ નર કનકમણિ છોડી તૃણ સંગ્રહે ”

આ ‘ કનકમણિ ’ તે જ ‘ પારસમણિ ’ છે એમ જણાય છે. જો કે આ કલ્પનાને સમર્થિત કરનાર આધાર જાણવો બાકી રહે છે.

**કહાની**—નૃસિંહ શર્માએ **ચમત્કારિક દૃષ્ટાંતમાલા**નું સંકલન કર્યું છે. ‘ નવરાત્રિ મહોત્સવ ’ એવા અપર નામવાલી આ કૃતિની ત્રીજી આવૃત્તિમાં પૃ. ૧૮૦-૧૮૧ માં ‘ લોહની ડબ્બીમાં પારસ ’ એ નામની એક વાર્તા છે. એ વાર્તાની પ્રાચીનતા વિષે તપાસ કરવી બાકી રહે છે.

આ પ્રમાણે સાધન અને સમય અનુસાર કેટલાક અલૌકિક મણિઓ વિષે દિશાસૂચનરૂપે આ લઘુ લેખ લખી હું વિરમું છું અને સાથે સાથે આ મણિઓને અંગે અધિકતયા પ્રાચીન ઉલ્લેખાદિ સૂચવવા વિશેષજ્ઞોને વિનવું છું.

---

૧. આના પછીના પદ્યમાં ‘તેજમ( ન )તૂરિકા’નો ઉલ્લેખ છે કે જેને આ સ્પર્શપાષાણની ખાણની પાસે રહેલી મટોડી તરીકે અહીં ઓળખાવાઇ છે.

---

# શ્રી વીર જિન ગીત.

( રાગ-ખમાચ. તાલ-કેરવા; દ્રુતલય. )

નાચુંગી મૈં તો નાચુંગી,
મૈં તો જિનપ્રભુ આગે નાચુંગી. ॥ મૈં તો૦ ॥
ગાઉંગી મૈં તો ગાઉંગી,
મૈં તો જિનપ્રભુકે ગુણ ગાઉંગી. ॥ મૈં તો૦ ॥

આંતરો—

ત્રિશલાનંદન નાથ નિરંજન,
ઉન સંગ લાગી લગનવા હાં. ॥ મૈં તો૦ ॥
ભવસાગરમેં ડૂબ રહી હૈ,
નૈયા પાર લગાદો હાં. ॥ મૈં તો૦ ॥
ભકતો કે પ્રભુ એક શરણ હો,
ચરણમેં શિશ ઝુકાવું હાં. ॥ મૈ તો૦ ॥

**—શા. હિંમતલાલ ગુલાબચંદ.**
( બાલાપુર ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્થિતપ્રજ્ઞ પુરુષની પવિત્ર વિચારશ્રેણિ

# વૈરાગ્ય

..........................................................(જિજ્ઞાસુ)

( આ નીચે અપાતી વિચારરત્નશ્રેણિ "જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ" ગુજરાત વિદ્યાપીઠ પ્રકાશક, શ્રી ગોપાલદાસ જીવાભાઇ પટેલ તરફથી ઉપયોગ કરવા દેવા માટે પરવાનગી મળતાં સાભાર ઉધ્ધૃત સંગ્રહ કરી તે પરમ અમૃત સ્વરૂપ, અદ્‌ભૂત વિચારરત્નો ક્રમશઃ બુદ્ધિમાન્ વિચારક જિજ્ઞાસુ વાચક સમક્ષ મૂકવામાં આવે છે. **જિજ્ઞાસુ.** )

સઘળાં પ્રાણીઓની સ્વાભાવિક ઇચ્છા સુખ અને આનંદ પ્રાપ્ત કરવામાં છે. એથી કરીને તેઓ તેના ઉદ્યોગમાં ગૂંથાયા રહે છે; પરંતુ વિવેકબુદ્ધિના ઉદય વિના તેમાં તેઓ વિભ્રમ પામે છે. તેઓ સંસારમાં નાના પ્રકારનાં સુખનો આરોપ કરે છે, પરંતુ અતિ અવલોકનથી એમ સિદ્ધ થાય છે કે, તે આરોપ વૃથા છે. જે સુખ ભયવાળા છે તે સુખ તે સુખ નથી પણ દુઃખ છે. જે વસ્તુ પ્રાપ્ત કરવામાં મહા તાપ છે, જે વસ્તુ ભોગવવામાં એથી પણ વિશેષ તાપ રહ્યો છે, તેમજ પરિણામે મહાતાપ, અનંત શોક અને અનંત ભય છે, તે વસ્તુનું સુખ તે માત્ર નામનું જ સુખ છે; વા નથી જ. આમ હોવાથી તેની અનુરક્તતા વિવેકીઓ કરતાં નથી. શ્રી ભર્તૃહરિ ઉપદેશે છે કે–

ભોગમાં રોગનો ભય છે;
કુલને પડવાનો ભય છે;
લક્ષ્મીમાં રાજાનો ભય છે;
માનમાં દીનતાનો
તથા બળમાં શત્રુનો ભય છે;
રૂપથી સ્ત્રીને ભય છે.
શાસ્ત્રમાં વાદનો ભય છે;
ગુણમાં ખલનો ભય છે;
અને કાયા પર કાળનો ભય છે—

એમ સર્વ વસ્તુ ભયવાળી છે; માત્ર વૈરાગ્ય જ એક અભય છે.

આમ સંસારનાં મનોહર પણ ચપલ સાહિત્યો ભયથી ભર્યા છે. વિવેકથી વિચારતાં જ્યાં ભય છે ત્યાં કેવળ શોક જ છે. જ્યાં શોક હોય ત્યાં સુખનો અભાવ છે; અને જ્યાં સુખનો અભાવ છે ત્યાં તિરસ્કાર કરવો યથોચિત છે.

આ પણ વિના વિવાદે માન્ય રાખવું જોઇએ કે તે અનંત શોક અને અનંત દુઃખની નિવૃત્તિ એના એ જ સાંસારિક વિષયથી નથી, રુધિરથી રુધિરનો ડાઘ જતો નથી, પણ જલથી તેનો અભાવ છે. તેમ શૃંગાર વા શૃંગારમિશ્રિત ધર્મથી સંસારની નિવૃત્તિ નથી. એ જ માટે વૈરાગ્ય જલનું આવશ્યક નિઃસંશય ઠરે છે.

જ્ઞાનીઓએ સંસારને અનંત ખેદમય, અવ્યવસ્થિત, ચળવિચળ અને અનિત્ય કહ્યો છે. સંસારની દેખાતી ઈંદ્રવરણા જેવી સુંદર મોહિનીએ આત્માને તટસ્થલીન કરી નાખ્યો છે, એ જેવું સુખ આત્માને કયાંય ભાસતું નથી. મોહથી સત્ય સુખ અને એનું સ્વરૂપ જોવાની એણે આકાંક્ષા પણ કરી નથી. સંસારની આ ઉત્તમોત્તમ પદવી જે ચક્રવર્તીપણું ત્યાં આવું દુઃખ, ક્ષણિકતા, તુચ્છતા, અંધપણું એ રહ્યું છે, તો પછી બીજે સુખ શા માટે ગણવું જોઇએ? જે સુખ ભયવાળાં અને ક્ષણિક છે, તે દુઃખ જ છે. આમ સંસારમાં અનંત તાપ, અનંત શોક, અનંત દુઃખ જોઇને જ્ઞાનીઓએ એ સંસારને પૂંઠ દીધી છે તે સત્ય છે. વૈરાગ્ય એ જ અનંત સુખમાં લઇ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

સર્વ કરતાં જેમાં અધિક સ્નેહ રહ્યા કરે છે એવી આ કાયા, તે રોગ જરાદિથી સ્વ. આત્માને જ દુઃખરૂપ થઇ પડે છે; તો પછી તેથી દૂર એવા ધનાદિથી જીવને તથારૂપ સુખવૃત્તિ થાય એમ માનતાં વિચારવાની બુદ્ધિ જરૂર ક્ષોભ પામવી જોઇએ, અને કોઇ બીજા વિચારમાં જવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તત્ત્વાવબોધ.

( લે. આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ. )

[ ગતાંક પૃષ્ઠ ૧૧ થી શરૂ. ]

૪

સંસારમાં માનવીઓ પ્રેમથી, મમતાથી, હેતથી પોતાના કલ્યાણ માટે, સ્વાર્થ માટે એક બીજાને પોતાનું જીવન અર્પણ કરીને એક બીજાની આજ્ઞાઓને આધીન રહી શકે છે. પણ એ સિવાય તો કોઇપણ માનવીનો કોઇના ઉપર સત્તા અજમાવવાનો કે આજ્ઞા પળાવવાનો હક્ક છે જ નહિ. સાચું શ્રેય કે આત્મહિત કરવાને આત્મહિતના માર્ગે વિચરનાર માનવી બીજાને મીઠા શબ્દોમાં સૂચના કરી શકે છે, પણ સખ્તાઇથી સત્તા અજમાવી શકતો નથી.

૫

આપણાં જીવન બહુ ટૂંકાં છે અને તેમાંથી ઘણુંખરું વીતી ગયેલું હોય છે. એટલે આ જીવનની જંજાળમાં પડીને આત્મહિતમાં ખોટ ન આવવા દેવી. માન, સત્કાર, મોટાઇ ન મળે તો મૂંઝાવાની કાંઇપણ જરૂરત નથી. અને તેના માટે આર્ત્તધ્યાન કરીને અનેક પ્રકારના પ્રયાસોમાં ગુંથાઇને આત્માથી વિમુખ થવાની જરાયે આવશ્યકતા નથી. બીજાને માન મળે છે અને મને કેમ નથી મળતું એવો સંકલ્પ સરખો ય કરવો નહિ.

૬

સંસારના પૌદ્ગલિક પદાર્થોમાં વેરાયલી વૃત્તિઓને વીણી લઇને પ્રભુના ચરણમાં અર્પણ કરવી; પણ પૌદ્ગલિક ક્ષણિક સુખશાંતિ માટે અનેક પ્રકારની ઇચ્છાઓને સ્થાન આપવું નહિ, કારણ કે જ્યાં ઇચ્છાઓનો પ્રવાહ વહેતો હોય છે ત્યાં આત્મવિકાશને અવકાશ મળતો નથી. તેમજ આનંદ, શાંતિ તથા સમભાવ આદિ આત્મિક ગુણોનો લાભ મળી શકતો નથી. અને કીમતી માનવ જીવન વેડફાઇ જાય છે. ખાનપાન તથા માનમોટાઇ માટે અનેક પ્રકારનો ડોળ, આડંબર કરનાર તેમજ અનેક પ્રકારના પૌદ્ગલિક સુખો માટે અનેક પ્રકારની ઇચ્છા કરનાર દેહાધ્યાસીઓની અંત અવસ્થા સુધરી શકતી નથી. તેમનું મૃત્યુ અત્યંત દયા-જનક દુઃખોથી ભરેલું થાય છે અને એટલા માટે જ તેઓ સદ્ગતિ મેળવી શકતા નથી, માટે જેમ બને તેમ ઇચ્છાઓ ઓછી કરી દેહા-ધ્યાસથી મુક્ત થવું.

૭

જેમ બને તેમ આત્માને સ્વતંત્ર બનાવવા પ્રયાસ કરવો તે જ ધર્મ કર્યો કહેવાય. બાકી તો ઘણુંયે બહારથી જપ, તપ, તિતીક્ષા કરીએ તેથી પુન્ય બંધ થાય છે. જ્યાંસુધી પુન્ય બંધાય છે ત્યાંસુધી પણ આત્મા સ્વતંત્ર બની શકતો નથી, કારણ કે પુન્ય ભોગવવાને માટે મનુષ્ય અથવા તો દેવના ભવમાં પૌદ્ગલિક સુખનાં સાધન મળવાથી અનાદિ કાળના આસક્તિના સંસ્કારને લઇને આસકિતભાવે વૈષયિક સુખો ભોગવીને આત્મા સંસાર વધારે છે અર્થાત્ જન્મ મરણ વધારે છે. તે જ આત્માની પરતંત્રતા છે. કર્મની નિર્જરા કરીને પોતાના ગુણોનો વિકાસ કરે નહિ ત્યાંસુધી આત્મા જન્મમરણમાંથી મૂકાય નહિ અને સ્વતંત્ર બની શકે નહિ.

ત્યાગ એટલે સ્વતંત્રતા અને ત્યાગી એટલે સ્વતંત્ર. જો બહારથી ઘરબાર છોડીને પાછા ઘરબાર બનાવે તો તેણે ઘરબાર છોડયું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કહેવાય નહિ. ઘરબાર, સગાસંબંધી આદિ બધુંયે છોડીને જે ત્યાગી થાય છે તે એટલા જ માટે કે બહારની પરાધીનતામાંથી છૂટી જવાથી સ્વતંત્ર બની શકાય છે; માટે બહારથી બધુંયે છોડવા છતાં ધનસંગ્રહ તથા મકાનો આદિ ઊભાં કરી મમત્વભાવ ધારણ કરવો તે સ્વતંત્રતાનો બાધક છે. અર્થાત્ ત્યાગનો બાધક છે, માટે જેટલે અંશે નિઃસ્પૃહતા છે તેટલે અંશે ત્યાગ પણ છે અને સ્વતંત્રતા પણ છે. આહાર માટે જે પરાધીનતા ભોગવવી પડે છે તેમાંથી છૂટવાને માટે તો પ્રભુએ તપ કરવાનું જણાવ્યું છે. બીજું બધુંયે છોડેલું હોય છે, એટલે તેના માટે તો બીજાને આધીન રહેવું પડતું નથી. પણ આહાર સર્વથા છૂટી શકતો નથી. અર્થાત્ આહારની સર્વવિરતિ થઈ શકતી નથી. કારણ કે આહાર વગર માનવ દેહ ટકી શકતો નથી માટે યથાશક્તિ તપ કરીને તેના અંગે ભોગવવી પડતી પરાધીનતામાંથી મુકાવાને પ્રભુની આજ્ઞા છે. પણ માન, મોટાઇ, પ્રશંસા મેળવવાને કે દેવગતિના પૌદ્‌ગલિક સુખ મેળવી વધારે પરાધીન બનવાને માટે પ્રભુએ તપ કરવાનું કહ્યું નથી. અને જે એવી જ ઇચ્છાથી કરે છે તે પ્રભુની આજ્ઞા પાળતા નથી. એટલે તેમની તપસ્યાઓ લાંઘણુ જ કહી શકાય, અને તેને અજ્ઞાન તપની કોટિમાં મૂકી શકાય, માટે જેટલે અંશે જે સ્વતંત્ર છે–જડાસકિતથી મુક્ત છે તેટલે અંશે તે ત્યાગી કહી શકાય; નહિ તો વસ્તુઓ છોડવા છતાં ભોગી કહેવાય.

જે બહારથી સાચો ત્યાગ કરી સાચો સ્વતંત્ર બને છે અર્થાત્ ભોગની દૃષ્ટિથી નહિ પણ ત્યાગની દૃષ્ટિથી જે ત્યાગ કરે છે તે જ અભ્યંતર કષાય વિષયોનો ત્યાગી બની શકે છે અને સાચી સ્વતંત્રતા મેળવી શકે છે. તે સિવાય તો ત્યાગ જેવી કોઇ વસ્તુ નથી. સમભાવ, કષાય વિષયથી મૂકાયા સિવાય આવી શકે નહિ. અને તે સિવાય તો આત્મવિકાસના દ્વાર સ્વરૂપ સમ્યકત્વ મળવું દુર્લભ છે તો પછી આગળના ગુણસ્થાનની વાતો કરવી તે એક પ્રલાપ માત્ર છે, માટે સાચી સ્વતંત્રતા એટલે આત્મવિકાસ અને તેને સાધવો હોય તેણે બહારની સ્વતંત્રતા મેળવવા પ્રયાસ કરવાની જરૂરત છે. પણ મિથ્યાભિમાનનો આશ્રય લઇને આત્માને પરાધીન બનાવવાની જરૂરત નથી.

૮

આત્માએ અનાદિ કાળથી નિગોદમાં અને નિગોદમાંથી નીકળ્યા પછી ચારે ગતિમાં અને ખાસ કરીને તો નરક તથા તિર્યંચ ગતિમાં અત્યંત દુઃખ ભોગવ્યાં છે. જન્મ, જરા, મરણ તથા છેદન, ભેદન, દહન આદિની વેદનાઓ ઘણી જ સહન કરી છે છતાં અત્યારે જાણે કશું બન્યું ન હોય તેમ અનુભવે છે. બધુંયે વિસ્મૃત થઇ ગયું છે તે સ્પષ્ટ સૂચવે છે કે આમાંનું આત્માનું કશુંયે નથી. અર્થાત્ જન્મ, જરા, મરણ આદિ કે છેદન, ભેદન આદિ આત્માનો ધર્મ નથી પણ કર્મના વિકાર છે અને તે કર્મજન્ય દેહમાં કર્મનો ઉદય થવાથી છેદન, ભેદન આદિ દેહનાં થાય છે તેને આત્મા મોહની શીખવણીથી પોતાનાં માને છે. જો આત્મા મોહની શીખવણીમાંથી મૂકાઇ જાય તો પછી જન્મ, મરણથી કે આધિ, વ્યાધિથી આત્મા મુંઝાય નહિ અને દુઃખ પણ માને નહિ. જો જન્મ, મરણ કે છેદન, ભેદન આત્માના ધર્મ હોત તો જેમ જ્ઞાન, દર્શન આદિ ધર્મથી આત્મા મૂકાતો નથી તેમ આધિ, વ્યાધિ પણ છૂટી શકત નહિ. પણ શુભાશુભ કર્મના ઉદયથી અનુકૂળ પ્રતિકૂળ પૌદ્‌ગલિક વસ્તુઓનો સંસર્ગ થવાથી રાગ દ્વેષના વિભાવ પરિણામને લઇને હર્ષ શોક કરે છે અને સુખ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુ:ખ અનુભવે છે. જ્યારે કર્મના પુદ્દગલો આત્માથી છૂટા પડી જાય છે એટલે જાણે કશુંય બન્યું નથી એમ આત્મા જાણે છે. અને છે પણ તેમજ કારણ કે જડ વસ્તુઓની વિક્રિયાઓની સાથે આત્માનો કશોય સંબંધ નથી, કારણ કે આત્મા જ્ઞાતા છે, દ્રષ્ટા છે પરંતુ પોતે જડના ભેગો ભળેલો હોવાથી પોતાને ભૂલી ગયો છે એટલે મોહની મદદથી હર્ષ, શોક આદિ કરે છે. પોતે શુદ્ધ હોવા છતાં પણ અશુદ્ધ પુદ્દગલોમાં ઓતપ્રોત થયેલો હોવાથી જાણવા, સમજવા તથા વિચારવામાં અશુદ્ધિને જ પ્રધાનતા આપે છે અર્થાત્ તેવું જાણવું, સમજવું તથા વિચારવું અશુદ્ધજ હોય છે. અને તેથી તેના જ્ઞાનનો દુરુપયોગ થાય છે. જડ વસ્તુઓને ગુણકારી જાણે છે તથા પોતાને આનંદ તથા સુખ આપનારી સમજે છે. પાંચે ઇંદ્રિયોના વિષયોના વિચારોમાં લીન રહે છે અને તેથી આત્માને અનુકૂળ વૈષયિક વસ્તુઓ મળવાથી ઘણો સંતોષ માને છે. પોતે પોતાનું જ્ઞાતાપણું, દ્રષ્ટાપણું જે પોતાનો ધર્મ છે તેને તદ્દન વીસરી જઇને ભોક્તાપણું માને છે, અને એટલા માટે જ તેને જડ વસ્તુઓ ઉપર મમતા ઘણી રહે છે. જ્યાંસુધી આત્મા પોતાને પરવસ્તુમાં ભોકતા માને છે ત્યાંસુધી મમતા છૂટીને સમતા આવી શકતી નથી. અને જ્યાંસુધી સમતા ન આવે ત્યાંસુધી આત્માને પોતાને જ્ઞાતાપણાની કે દ્રષ્ટાપણાની શ્રદ્ધા જ થતી નથી. અને જ્યાંસુધી શ્રદ્ધા નથી ત્યાંસુધી કષ્ટાનુષ્ઠાનથી આત્માને લાભ મળી શકતો નથી. માસક્ષમણ કે અઠ્ઠાઇઓની તપસ્યા કરવા માત્રથી તેનો દેહાધ્યાસ અથવા તો દેહ ઉપરથી મમતા છૂટી ગઇ છે એમ ન કહી શકાય કારણ કે તેના અંદર સમતા ન આવી હોય તો તપ અજ્ઞાન કષ્ટ કહી શકાય.

સમતા આત્માનો ધર્મ છે, પ્રકૃતિ છે અને મમતા વિકૃતિ અધર્મ છે; કારણ કે રાગ, દ્વેષ સમ થયા સિવાય સમતાગુણ પ્રગટ થાય નહિ. અને સમ્યગ્ જ્ઞાનદ્વારા વસ્તુને વસ્તુરૂપે સમજ્યા સિવાય રાગ દ્વેષ સમ થાય નહિ. જ્યાં સમતા હોય છે ત્યાં જ સાચાં સુખ, શાંતિ તથા આનંદ રહી શકે છે. જેમને પૌદ્દગલિક જડાત્મક વસ્તુઓમાં સુખની શ્રદ્ધા હોય છે તેઓ સમતા મેળવવાના અધિકારી નથી. સારાં ખાનપાન, માન તથા વખાણની લાલસાવાળા જડાસકત જીવો પુદ્દગલાનંદી હોઇ શકે છે. તેમના જપ, તપ, સંયમ આદિ દેખાવ પૂરતા જ હોય છે અને તેથી કાંઇ આત્મિક ઉન્નતિ કે વિકાસ થઈ શકતો જ નથી.

૯

ધન-સંપત્તિ તથા પૌદ્દગલિક સુખની લાલસાથી પ્રભુની ભક્તિ, સ્મરણ તથા પૂજા કરનાર, પાંચે ઇંદ્રિયોના વિષયોની વાસનાથી પ્રભુના શાસ્ત્ર તથા સિદ્ધાંતનો અભ્યાસ કરનાર, અજ્ઞાની જનતા પાસેથી જ્ઞાની તથા ધ્યાનીનું માન મેળવવા અધ્યાત્મની વાતો કરીને ઉપરથી અધ્યાત્મનો ડોળ કરનાર, મહાતપસ્વીનું માન મેળવવા બાહ્ય તપનો આદર કરનાર, સારો વક્તા તથા વ્યાખ્યાતા કહેવરાવવા અજ્ઞાની શ્રોતાઓને સારું લાગે તેવું બોલનાર, આ બધાયે સમતા મેળવી વીતરાગદશા પ્રાપ્ત કરવાના અનધિકારી છે. એમની પ્રવૃતિથી સ્વ-પરનું શ્રેય થઇ શકતું નથી. એમનામાં રાગદ્વેષની પ્રબળતા હોય છે અને તેઓ કષાયથી લિપ્ત હોય છે.

જનતાના ભયથી કે જનતાને સારું લગાડવા જપ, તપ, સ્વાધ્યાય, ધ્યાન આદિ કરવાથી અને અપકૃત્ય ન કરવાથી આત્મશ્રેય ન થઇ શકે. પણ વસ્તુને વસ્તુરૂપે સમજીને કેવળ આત્માના હિત માટે કરવામાં આવે તો આત્મો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાતિ થઇ શકે છે અને સમતા આદિ ગુણો મેળવી શકાય છે. તે સિવાય તો બધુંય દેહાધ્યાસને લઇને થાય છે. જ્યાંસુધી કષાયોની કનડગત થયા કરતી હોય અર્થાત્ સ્તુતિ, નિંદાની અસર આત્માને થતી હોય, શાક્ત ન હોય, અધ્યવસાયની શુદ્ધિ ન હોય તોય અજ્ઞાની જનતાના મોઢેથી પોતાના વખાણ સાંભળવા તથા માન મેળવવા દેખાવ પૂરતો ડોળ કરવામાં આવે ત્યાંસુધી બહિરાત્મદશા જ કહેવાય, અને આવી પ્રવૃત્તિ દેહના બનાવટી નામ તથા પૌદ્ગલિક દેહના પિંડ માટે થતી હોવાથી દેહાધ્યાસ જ કહી શકાય.

વસ્તુસ્થિતિ આવી હોવાથી સાચું અને સારું પોતાના શ્રેય માટે કરવું. બીજાને સારું લગાડવા કરવાથી તો માત્ર ઉપરથી જ કરવામાં આવે છે ત્યાં ભાવપૂર્વક થતું નથી. તેથી ગમે તેવા સારા કૃત્યનો આત્માને લાભ નથી કારણ કે બીજાને સારું લગાડવાની ભાવના અને આત્મશ્રેયની ભાવના બંન્નેનો પરસ્પર વિરોધ છે. બીજાને સારું લગાડવું દેહાધ્યાસને લઇને થાય છે તે કેવળ પ્રશંસા મેળવવા માટે હોય છે અને આત્મશ્રેયની ભાવનાથી થાય છે તે આત્માને આશ્રયીને થાય છે એટલે તેથી સમતા આદિ ગુણો પ્રગટે છે, જેથી આત્મા જન્મ મરણમાંથી છૂટી જઈને સંપૂર્ણ આત્મવિકાસ મેળવી શકે છે.

# *શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર માટેના અભિપ્રાયો.

દે. ગુ. ભ. સુશ્રાવક શ્રી આત્માનંદ સભા–સેક્રેટરી, સાહિત્યરસિક વલ્લભદાસભાઇ યોગ્ય ધર્મલાભ તમોએ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર બુક ભેટ મોકલી, અભિપ્રાયમાં જણાવવાનું કે ઉપર્યુક્ત બુક તમોએ સુંદર બહાર પાડી છે. પ્રસ્તાવનામાં તમારો પ્રયત્ન પ્રશંસનીય છે. ચિત્રવિભાગ પણ સુંદર ગોઠવેલ છે. દશે ભવનું સંક્ષિપ્ત તારણ સુંદર બન્યું છે.

**લી૦ વિજયકુમુદસૂરિ આદિ**
**મુ૦ કડી**

*વસુદેવ હિંડી ઐતિહાસિક અને કથાઓ ગૌણ તરીકે છે. પણ આ ચરિત્ર કથા સાહિત્ય તરીકે

## આ સભાના ઉચ્ચ કક્ષાના સાહિત્ય માટે અભિપ્રાય.

**સેક્રેટરી ગાંધી વલ્લભદાસભાઈ,**

તમારી સંસ્થા દિનોદીન ઉચ્ચ કક્ષાએ પહોંચતી જાય છે. વિપુલ સાહિત્ય સમર્પણ કેરી જનકલ્યાણ સાધી રહ્યા છો. નિબંધોની યોજના યોજી એક અપૂર્વ કાર્ય કરી રહ્યા છો. તમને શાસનદેવ તે કાર્યમાં મદદ–સહાય આપે. નવા નવા મહાન પુરુષોના ચરિત્ર, ભાષાંતરો પણ જૈન જનતામાં સંસ્કાર અર્પી મહાન ઉપકારક નિવડયા છે. એવી એવી અપૂર્વ સેવાનો લાભ તમને મળતો રહે છે તેમ સદા મળતો રહે.

**લી. મુનિ હેમેન્દ્રસાગર**
**પાટણ**

પ્રથમ કોટીનો છે. આટલો મોટો ગ્રંથ અનેક સુંદર ચિત્રો પૂર્વકનો, આકર્ષક બનતાં ઘણોજ મોટો ખર્ચ થયો છે. પરંતુ આવા ચરિત્ર ગ્રંથ માટે કુલ ખર્ચ આપનાર કોઇ જૈન બંધુ તૈયાર થાય અને તેમની ઇચ્છા તમામ ભેટ તરીકે અથવા અડધી કે ઓછી કિંમતે આપવા જણાવે તો સભા આપવા ઉત્સુક છે. ( ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે આ ગ્રંથ સિરિઝનો હોવાથી મુદ્દલ રકમ કાયમ માટે બીજા ગ્રંથો ઉત્તરોત્તર પ્રકટ કરવાના હોવાથી અનામત રાખવી પડે છે.

સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

શેઠ શ્રી **કસ્તુરભાઈ લાલભાઇએ** શ્રી સંઘ, તીર્થ અને ધર્મની કરેલી અનુપમ સેવા માટે તેઓશ્રીને માનપત્ર આપવા સં. ૨૦૦૫ ના ભાદરવા શુદ ૭ તા. ૩૦–૮–૪૯ ના રોજ નગરશેઠના વંડામાં સંઘપતિ શ્રી વિમલભાઇ મયાભાઇ નગરશેઠના પ્રમુખપણા નીચે શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સમસ્ત જૈન સંઘનો એક મેળાવડો કરવામાં આવ્યો હતો. મંગળાચરણ થયા બાદ શેઠ મયાભાઇ સાકળચંદે આજના પ્રસંગને અનુસરતું ભૂતકાળમાં તીર્થોની સેવા કરનારા આગલા પૂર્વજોનો ઇતિહાસ જણાવ્યા બાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મેનેજરશ્રી શ્રી નાગરદાસ કસ્તુરચંદે શેઠ સાહેબની કાર્ય કરવાની કુશાગ્ર બુદ્ધિ માટે પ્રશંસા કરતાં આવેલા સંદેશાઓ (જેમાં મુખ્ય સંદેશાઓમાં પુનાથી અમુભાઇનો તાર, શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી તેના મંત્રી વલ્લભદાસભાઇનો તથા સુરેન્દ્રનગરથી શેઠ રતિલાલ વર્દ્ધમાનનો તાર અને બીજા તારો તથા પત્રો) વાંચી સંભળાવ્યા હતા. ત્યારબાદ શેઠ બકુભાઇ મણિલાલ, શ્રી ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી, શેઠ પુંજાભાઇ દીપચંદ, શાહ છોટાલાલ ત્રિકમલાલ પારેખ, શેઠ અમૃતલાલ જેશંગભાઇ વગેરેએ શેઠ શ્રી કસ્તુરભાઇની સેવા, કુશાગ્ર બુદ્ધિ વગેરે માટે ભાષણો કર્યા હતા. ત્યારબાદ નગરશેઠશ્રીએ આપવાનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. તે શેઠ સાહેબ કસ્તુરભાઇને અર્પણ થયા બાદ શેઠ શ્રી કસ્તુરભાઇએ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું.

શેઠશ્રી કસ્તુરભાઇએ ખરેખર શત્રુંજય, ગિરનારજી વગેરે તીર્થોને માટે અપૂર્વ સેવા અને ભોગ આપ્યો છે. જૈન સંસ્કૃતિના પોતે ખરેખરા ઉપાસક છે અને તેને માટે અનહદ માન છે તેમ તેમના પવિત્ર ઉદ્‌ગારો તેઓશ્રીના જવાબમાં જણાતા હતા. અપૂર્વ પુણ્ય, બુદ્ધિમતા, કુશાગ્ર બુદ્ધિ, શ્રદ્ધા અને તન–મન–ધનનો ભોગ આપવાની ઉત્કૃષ્ટ ઇચ્છા શેઠ સાહેબના વક્તવ્યમાં પણ સચોટ જણાઇ આવતા હતા. સંસ્કૃતિ અને કળાની દૃષ્ટિએ જૈન સ્થાપત્ય અને પ્રાચીનપણાનું શેઠ સાહેબ સારું જ્ઞાન ધરાવે છે એમ પણ જણાતું હતું. વર્તમાનકાળે જૈન સમાજના સદ્‌ભાગ્યે આખા હિંદની જૈન સમાજને એક (તાજ વગરના રાજા) મુકુટ સમાન શેઠ સાહેબ સાંપડ્યા છે. અમદાવાદના જૈન સંઘે સમયોચિત યોગ્ય એક નરરત્નને માનપત્ર આપ્યું છે જેથી શ્રી સંઘ પણ ધન્યવાદને પાત્ર છે.

---

**સાદડી ( મારવાડ )**—અત્રે કલિકાલકલ્પતરુ અજ્ઞાનતિમિરતરણિ ૧૦૦૮ શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રી વિજયલલિતસૂરીશ્વરજી મહારાજ આદિ પોતાની શિષ્ય મંડલી સહિત ચોમાસું રહેલા હોવાથી અનેક ધર્મકાર્યો સારા પ્રમાણમાં થયા છે. પર્વાધિરાજની આરાધના પણ રૂડી રીતે થઇ છે. બીજા લગભગ ત્રીસ (૩૦) ગામનગરોના શ્રાવકો આયા હતા. સૌ કોઇ સુખેથી સાંભળી શકે એટલા માટે લાઉડસ્પીકરની પણ યોજના કરવામાં આવી હતી. આઠે દિવસ પૂજા પ્રભાવના શાસ્ત્રશ્રવણ પ્રતિક્રમણ પૌષધ આદિમાં લોકો ખૂબ રસ લેતા હતા. ઘણા વ્યાખ્યાનો પણ આચાર્યશ્રીજી સાહેબે પોતે જ સંભળાવ્યા હતા. તપસ્યા માસખમણ એકવીશ ૧૩–૧૧ આદિ ઉપવાસો થયા હતા. અઠ્ઠાઇઓ લગભગ સવાત્રણસો હતી નિહાલચંદજી રાઠોડ તરફથી મોટી તપસ્યાવાળાઓને લગભગ વીશ વીશ રૂપીઆની કિંમતના ચાંદીના ગ્લાસ આપવામાં આવ્યા હતા. આવી બીજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ અનેક લ્હાણીઓ થઈ હતી તથા સંખ્યાબંધ નર-નારીઓએ રાણકપુરની જાત્રાનો લાભ લીધો હતો.

બહારથી પધારેલા સાધર્મિક બંધુઓની સેવા-સુશ્રુષા શેઠ ચંદનમલજી કસ્તુરચંદજી કરી લ્હાવો લીધો હતો અને પારણાનો વરઘોડો સમારોહથી ચઢાવ્યો હતો.

ભાદરવા શુ. ૧૧ મે અકબર બાદશાહપ્રતિબોધક જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજની જયંતિ આચાર્યશ્રીજીની અધ્યક્ષતામાં ઉજવવામાં આવી હતી. આચાર્યશ્રી વિજયલલિતસૂરિજી મહારાજ તથા યુગરાજજી રાઠોડ, હસ્તીમલજી આદિના વિવેચનો થયા હતા.

સંવત્સરીના દિવસે હજારો માણસોની સભાએ મધ્ય ભારતમાં આવેલ દીક્ષા બીલ આદિના વિરોધ-માં ઠરાવો પાસ કરી યોગ્ય સ્થલે તારો કરાવવામાં આવ્યા હતા.

## સુધારો

ગયા અંકમાં અમારા નવા પેટ્રન શ્રી રા. રા. શ્રીયુત છોટાલાલ મગનલાલ ખાનદાનના જીવન-પરિચયના લેખની વીશમી લાઇનમાં સદ્ગત માતપિતાના સ્મરણાર્થે એ શબ્દને બદલે માત્ર પિતાના સ્મરણાર્થે એમ વાંચવું. એઓશ્રીના માતુશ્રી વિદ્યમાન છે.

# સોનેરી સુવાકયો.

હે જિનેન્દ્ર ! આપનું દર્શન થવાથી આજે મારા મોહપાસ છેદાઇ ગયા છે. મારા રાગાદિ શત્રુઓ જિતાઇ ગયા છે. અને મને મોક્ષનું સુખ પ્રાપ્ત થાયું છે.

હે નાથ આપના દર્શન થવાથી આજે મારા શરીરમાં રહેલો મિથ્યાત્વ અંધકાર હણાઇ ગયો છે અને જ્ઞાન સૂર્ય ઉદય પામ્યો છે.

શ્રી જિનેશ્વર દેવના દર્શનથી પાપનો નાશ થાય છે. વન્દનથી વાંછિત ફળ મળે છે અને પૂજવાથી સર્વ સમૃદ્ધિ મળે છે.

હે કૃપાલુ ! આપના દર્શનથી આજે મારા કર્મનો સમૂહ નાશ પામ્યો છે. અને હું દુર્ગતિથી નિવૃત્ત થયો છું.

વિપત્તિઓ સાચી વિપત્તિ નથી. અને સંપત્તિઓ સાચી સંપત્તિ નથી. શ્રી વીતરાગ દેવનું વિસ્મરણ એજ વિપત્તિ છે. અને વીતરાગ દેવનું સ્મરણ એજ સંપત્તિ છે.

હે વીતરાગ દેવ ! આપ કલ્પતરૂના પણ કલ્પતરૂ છો, ચિન્તામણીથી પણ અધિક છો તથા દેવોને પણ પૂજ્ય છો.

શ્રી જિન પૂજા વખતે કરેલો ધુપ પાપને બાળે છે, દીપક મૃત્યુનો નાશ કરે છે તથા પ્રદક્ષિણા મોક્ષને આપે છે.

હે જિનેશ્વર ! આપના દર્શનથી વિમુખ હું સાર્વભૌમ ચક્રપતિ પણ ન થાઉં કિન્તુ આપના દર્શનમાં તત્પર મતવાલો આપના ચૈત્યમાં એક પક્ષી થાઉં તો પણ મારે કબુલ છે.

જે જીભ પરમાત્માના ગુણ ગાનમાં તત્પર નથી તે જીભ મુંગી હોય તે સારી છે.

શ્રી જિન ભક્તિ એ મુક્તિની દુતિ અને શાશ્વત સુખનું લોહચુંબક છે.

વૈદ્ય કવિ વેલજીભાઈ ( અચ્છાબાબા )
સે. ડીવાઇન લાઇફ સોસાયટી.
જામનગર-(બ્રાંચ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન બંધુઓ, બ્હેનો અને વાચકોએ જાણવા જેવું.

નીચે લખેલા ત્રણ વર્ષોમાં અમારા માનવંતા સભ્યોને મળેલા અનુપમ ગ્રંથોની ભેટનો લાભ.

| | | |
|---|---|---|
| સંવત ૨૦૦૩ના વર્ષમાં............... | ૧ શ્રી સંઘપતિ ચરિત્ર | કિં. રૂા. ૬–૮–૦ |
| | ૨ શ્રી મહાવીર ભગવાનના યુગની મહાદેવીઓ | ,, ,, ૩–૮–૦ |
| સંવત ૨૦૦૪ના વર્ષમાં............... | ૧ શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫–૦–૦ |
| | ૨ શ્રી શાંતિનાથ ચરિત્ર | ,, ,, ૭–૮–૦ |
| સંવત ૨૦૦૫ના વર્ષમાં............... | ૧ શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર | ,, ,, ૧૩–૦–૦ |
| | | કુલ રૂા. ૪૫–૦–૦ |

એ મુજબ ત્રણ વર્ષમાં રૂા. ૪૫)નાં પુસ્તકો પેટ્રન સાહેબો અને પહેલા વર્ગનાં લાઇફ મેમ્બરોને ભેટ મળી ચુકયા છે. હજુ પણ રૂા. ૫૦) વધુ ભરી બીજા વર્ગમાંથી પહેલા વર્ગમાં આવનાર સભાસદને સં. ૨૦૦૫ની સાલની ભેટની બુક મળી શકશે. અને તે પછીના વરસોમાં જે જે ગુજરાતી પુસ્તકો છપાશે તે પણ ભેટ મળશે. માટે જેટલો વિલંબ કરવામાં આવે છે તે તે વરસોની ભેટનો અપૂર્વ લાભ ગુમાવે છે. સ્થિતિસંપન્ન બ્હેનો અને બંધુઓએ પણ વેળાસર લાઈફમેમ્બર થઇ બને પ્રકારનો લાભ લેવા જેવું છે

---

## આ સભામાં નવા સભાસદોની વૃદ્ધિ નિરંતર કેમ થતી જાય છે ?

આ સભા તરફથી દર વર્ષે સંપૂર્ણ કાર્યવાહી, સરવૈયું વગેરે સંપૂર્ણ પ્રમાણિકપણે રિપોર્ટ દ્વારા પ્રકટ થાય છે, તેમજ પેટ્રન સાહેબ અને લાઇફ મેમ્બરોને આત્મકલ્યાણના સાધન ( અને આર્થિક દૃષ્ટિએ પણ લાભ ) માટે કથા સાહિત્યના તીર્થંકર ભગવંતો, સતી માતાઓ અને સત્ત્વશાળી પુરૂષોના સુંદર સચિત્ર મ્હોટા ગ્રંથો છપાતાં દર વર્ષે માત્ર આ સભા જ ભેટ આપતી હોવાથી, નવા પેટ્રન સાહેબો તથા લાઇફ મેમ્બરોની ક્રમે ક્રમે અને દર માસે વૃદ્ધિ થતી જાય છે. દરેક જૈન ભાઇ–બહેનોએ રૂા. ૧૦૧) ભરી પેલા વર્ગના લાઇફ મેમ્બર થઈ થતા દેવ, ગુરૂ, ધર્મ વગેરેના ભક્તિ–સેવાના ભાગીદાર થવા તેમજ અપૂર્વ સાહિત્યના સુંદર પ્રકટ ગ્રંથોનો લાલ લેવા ભૂલવા જેવું નથી.

નવા થયેલા અને હવે પછી નવા થનારા પેટ્રન સાહેબો અને પ્રથમ વર્ગના સભાસદોને નીચે મુજબ છપાતાં ગ્રંથો જે કે આસો માસ સુધી સંપૂર્ણ છપાઈ જવા સંભવ છે તે ત્રણ ગ્રંથો **૧ શ્રી દમયંતી ચરિત્ર** સચિત્ર ૩૫૦ પાનાનો પૂર્વાચાર્ય શ્રી માણિકયદેવસૂરિ કૃત, **૨ શ્રી જ્ઞાનપ્રદીપ** ભાગ ૨જો, શુમારે ૩૬૫ પાનાનો, **૩ આદર્શ જૈન સ્રીરત્નો** બીજો ભાગ શુમારે ૧૬૫ પાનાનો એ ત્રણે ગ્રંથો સં. ૨૦૦૬માં સભા તરફથી ધારા પ્રમાણે ભેટ આપવાના છે. આ ત્રણે ગ્રંથો મનનપૂર્વક વાંચવા જેવા અને સુંદર છે. તેની વિશેષ હકીકત હવે પછી આપવામાં આવશે.

---

૧ મહાસતી શ્રી **દમયંતી ચરિત્ર** ( સચિત્ર ), ૨ **જ્ઞાનપ્રદીપ** બીજો ભાગ. ૩ **આદર્શ જૈન સ્રીરત્નો** ( સતી માતાઓના નવા સુંદર ચરિત્રો ) એ ત્રણ ગ્રંથો સંવત ૨૦૦૬ ની સાલમાં નવા થનારા પ્રથમ વર્ગના લાઇફ મેમ્બરોને ભેટ આપવામાં આવશે. જેથી સ્થિતિસંપન્ન જૈન બ્હેનો અને બંધુઓ સભાસદ થઇ લાભ લેવા જેવું છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

## મહાસતી શ્રી દમયંતી ચરિત્ર. ( બાઇન્ડીંગ થાય છે. )

### શ્રી માણિકચદેવસૂરિ વિરચિત મૂળ ઉપરથી અનુવાદ.

પૂર્વના પૂણ્યયોગ અને શીલનું માહત્મ્ય સતી શ્રીદમયંતીમાં અસાધારણ હતું, તેના શુદ્ધ અને સરળ ભાષામાં અનુવાદ કરાવી અમારા તરફથી પ્રકાશનનું કાર્ય શરૂ કરેલ છે. આ અનુપમ રચનામાં મહાસતી દમયંતીના અસાધારણ શીલ મહાત્મ્યના પ્રભાવવડેના ચમત્કારિક અનેક પ્રસંગો, વર્ણનો આવેલ છે, સાથે નળરાજા પ્રત્યે અપૂર્વ પતિભકિત, સતી દમયંતી સાસરે સીધાવતાં માબાપે આપેલી સોનેરી શિખામણો, જુગારથી થતી ખાનાખરાબી, ધૂર્ત જનની ધૂર્તતા, પ્રતિજ્ઞાપાલન, તે વખતની રાજ્યનીતિ, સતી દમયંતીએ વન નિવાસના વખતે, આવતા સુખ દુઃખો વખતે ધીરજ, શાંતિ અને તે વખતે કેટલાયે મનુષ્યોને ધર્મ પમાડેલ છે તેની ભાવભરીત નોંધ, તેમજ પુણ્યશ્લોક નળરાજાના પૂર્વના અસાધારણ મ્હોટા પુણ્યબંધના યોગે તેજ ભવમાં તેમના માહાત્મ્ય, મહિમા, તેમના નામ સ્મરણથી મનુષ્યોને થતા લાભો વગેરેનું અદ્‌ભુત પઠન પાઠન કરવા જેવું વર્ણન આચાર્ય મહારાજે આ ગ્રંથમાં આપ્યું છે. બીજી અંતર્ગત સુબોધક કથાઓ પણ આપવામાં આવેલી છે.

---

## શ્રીમાન્ હરિભદ્રસૂરિવિરચિત શ્રી ધર્મબિંદુ ગ્રંથ.

### ( મૂળ અને મૂળ ટીકાનાં શુદ્ધ સરલ ગુજરાતી ભાષાંતર સહિત )

આ ગ્રંથના મૂળ કર્ત્તા મહાનુભાવ શ્રી હરિભદ્રસુરિ કે જેઓ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. શ્રી મહાનુભાવ ગ્રંથકારે મુનિઓ અને ગૃહસ્થોના સાધારણ અને વિશેષ ધર્મો, મોક્ષનું સ્વરૂપ અને તેના અધિકારી વગેરે વિષયો બતાવવાને માટે આ ઉપયોગી ગ્રંથની યોજના કરી છે, અને તેની અંદર તેનું વિવેચન કરી સારી રીતે સમજાવ્યું છે.

આ પ્રમાણે ગૃહસ્થ અને યતિ ધર્મને વિસ્તારપુર્વક પ્રતિપાદન કરનાર આ ગ્રંથ છે. જે વાંચક જૈન ધર્મના આચાર, વર્તન, નીતિ, વિવેક અનેક વિષયના શુદ્ધ સ્વરૂપ સાથે તત્ત્વોના રહસ્યોને સારી રીતે સમજી શકે છે. મુનિ અને ગૃહસ્થ આ ગ્રંથને આદ્યંત વાંચે તો સ્વધર્મ સ્વકર્તવ્યના યથાર્થ-સ્વરૂપને જાણી પોતાની મનોવૃત્તિને ધર્મરૂપ કલ્પવૃક્ષની શીતળ છાયાની આશ્રિત કરી અનુપમ આનંદના સંપાદક બને છે.

આ ગ્રંથની આ બીજી આવૃત્તિ છે. સુમારે ૩૫૦ પાનાના આ ગ્રંથની કીંમત માત્ર રૂા. ૩) પોસ્ટેજ જુદું.

---

### અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું અને છપાતાં ગ્રંથો.

૧. શ્રી દમયંતી ચરિત્ર ( સચિત્ર ), ૨. શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ બીજો, ૩. આદર્શ જૈન સ્ત્રી રત્નો ભાગ બીજો, ૪. કથા રત્નકોષ, ૫. શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર ( સચિત્ર ).

ગ્રંથ ૪ અને ૫માં આર્થિક મદદની જરૂર છે.

---

યોજનામાં:—૧ શ્રી સોમપ્રભાચાર્ય કૃત શ્રી સુમતિનાથ પ્રભુ ચરિત્ર ( સચિત્ર )

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ-ભાવનગર.

For Private And Personal Use Only